# રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં દક્ષિણ ભારતના ૭ રાજ્યોના સ્થાપના દિવસની ઉજવણી




ગાંધીનગર તા.૧૫

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આપણો દેશ વિભિન્ન સંસ્કૃતિઓનો દેશ છે. અલગ અલગ વેશભૂષા, ભાષા, ખાન-પાન, સંસ્કૃતિ હોવા છતાં વિવિધતામાં એકતા છે. આપણા દેશને 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ના રૂપમાં મહાશક્તિ બનાવવા અને દેશના નાગરિકો અન્ય રાજયની સંસ્કૃતિથી અવગત થાય તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની પહેલથી તમામ રાજયોના રાજભવનમાં વિવિધ રાજયોના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાજભવન ખાતે દક્ષિણ ભારતના ૭ રાજયો; આંધ્રપ્રદેશ, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહ, લક્ષ્યદ્વીપ તથા પુડુચેરીના સ્થાપના દિવસની ઉજવણીના પ્રસંગે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, આપણે તમામ લોકો મૂળરૂપથી એક જ છીએ, માટે એકબીજાના સુખ દુ:ખના સાથી બનીએ, એકબીજાની સંસ્કૃતિને સમજીએ. દેશના તમામ લોકો વિભિન્ન રાજયોની સંસ્કૃતિથી પરિચિત થાય તે માટે શંકરાચાર્યજીએ દેશની ચારેય દિશામાં મઠની સ્થાપના કરી હતી.

વેદ આપણી સંસ્કૃતિના આધારસ્તંભ છે તેમ જણાવી રાજયપાલશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, વિદેશી આક્રમણકારો જયારે ભારત પર આક્રમણ કરીને આપણા વેદ-પુરાણો સહિતના મહાન પુસ્તકોનો નાશ કરી રહ્યા હતા ત્યારે, આ વેદ-પુરાણોને બચાવવાનું કામ દક્ષિણના લોકોએ કર્યું છે. દક્ષિણના લોકોએ વેદ-પુરાણોને કંઠસ્થ કરીને આપણી વૈદિક સંસ્કૃતિને બચાવવાનું કાર્ય કર્યું છે.

રાજયપાલશ્રીએ કાર્યક્રમમાં રજૂ કરવામાં આવેલા વિવિધ શાસ્ત્રીય નૃત્યો અને લોક નૃત્યો અંગે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, આપણા દેશના વિવિધ નૃત્યોમાં કળા અને સંસ્કૃતિના પરિચય ઉપરાંત યોગ અને વ્યાયામના સમાવેશ થકી શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને સામાજિક પાસાઓને આવરી લેવામાં છે,

## ઈમાનદારી, સમર્પણ અને કર્તવ્યનિષ્ઠાથી કાર્ય કરીને આપણે સૌ દેશના વિકાસને વધુ વેગવાન બનાવવામાં સહભાગી થઈએ : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

જે મનને સુખ આપે છે.

રાજયપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, આપણે સૌ મૂળ રૂપથી એક જ છીએ. આપણે હંમેશા વિશ્વ કલ્યાણની જ વાત કરીએ છીએ. આપણે ત્યાં માતા ભોજન બનાવે તો ગાય, કીડી, પક્ષી માટે પણ બનાવે છે. જે સૂચવે છે કે, આપણે પ્રાણી માત્રની દરકાર કરીએ છીએ. 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના સાથે આપણે સમગ્ર સૃષ્ટિને આપણો પરિવાર માનીએ છીએ. આ અવસરે રાજયપાલશ્રીએ સૌને રાજ્યોના સ્થાપના દિવસની શુભકામનાઓ પાઠવીને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'આત્મનિર્ભર ભારત'ના સૂત્ર થકી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત' ના સ્વપ્નને સાકાર કરવામાં સહભાગી થવા અપીલ કરી હતી. રાજયપાલશ્રીએ આવનારી પેઢીના કલ્યાણ માટે વડાપ્રધાનશ્રીના 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત'ના મિશનમાં સહયોગ આપવા જણાવીને ઉમેર્યું હતું કે, આવનારી પેઢીને આપણા પણ ગર્વ થશે કે તેમના પૂર્વજોએ તેમને 'વિકસિત ભારત' આપ્યું. આ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે આપણે સૌએ ઈમાનદારી, સમર્પણ અને કર્તવ્યનિષ્ઠાથી આપણું કાર્ય કરીને દેશના વિકાસને વધુ વેગવાન બનાવવામાં સહભાગી બનવું પડશે. રાજયપાલશ્રીએ ઉમેર્યું હતું કે, એકતા હોય તે હંમેશા આગળ વધે છે. આપણે દેશને એકતાના તાંતણે બાંધીને વિકાસ તરફ લઈ જઈ રહ્યા છીએ, જેના થકી ભારત આજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ચુક્યો છે. છેલ્લા દસ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબ રેખાથી બહાર આવ્યા છે. આપણે વૈશ્વિક કક્ષાની આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરી રહ્યા છીએ. શિક્ષણ, આરોગ્ય સહિતના ક્ષેત્રે આપણે સતત આગળ વધી રહ્યા છીએ. વિવિધ રાજ્યોના સ્થાપના દિવસના આ કાર્યક્રમમાં ગુજરાતમાં વસતા વિવિધ રાજયના અગ્રણીઓનું સન્માન, 'ગુજરાત પ્રીઝન્સ : ધ એક્સ ફેક્ટર' બુકનું વિમોચન તેમજ વિવિધ રાજ્યોના ગીતો અને સાંસ્કૃતિક નૃત્યોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ અવસરે સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરનાર કલાકારોનું રાજયપાલશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતિ રવિ, અગ્ર સચિવ શ્રી ડૉ. ટી. નટરાજન, રાજયપાલશ્રીના પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી અશોક શર્મા, ડૉ. વિનોદ રાવ, જેલ અને સુધાર પ્રશાસનના પોલીસ મહાનિર્દેશક શ્રી કે.એન.એલ.રાવ, શ્રીમતી પી. ભારતી, નેશનલ હેલ્થ મિશનના મિશન ડાયરેક્ટર શ્રીમતી રેમ્યા મોહન, શ્રી જેનૂ દેવન, અધિક મુખ્ય વન સંરક્ષક શ્રી રવીન્દ્રનાથ સુગુર, અધિક મુખ્ય વન સંરક્ષક શ્રી જી. રમન્ના મૂર્તિ, કર્નલ શ્રીનિવાસ વૈદ્ય, રાજય સરકારના ઉચ્ચ અધિકારીશ્રીઓ, ભારતીય સેના-સુરક્ષા દળોના ઉચ્ચ અધિકારીશ્રીઓ તેમજ ગુજરાતમાં વસતા વિવિધ રાજ્યોના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સોરઠ દેશ ન સંચર્યો, ન ચડ્યો ગઢ ગિરનાર, ન નાહ્યો દામો-રેવતી, તેનો અફળ ગયો અવતાર

# સૌરાષ્ટ્ર-સોરઠની આગવી લોકસંસ્કૃતિને ઉજાગર કરતા અન્નક્ષેત્રો



## ગિરનાર લીલી પરિક્રમામાં ભજન ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ : અન્નક્ષેત્રો દ્વારા પરિક્રમાર્થીઓને મીઠા આવકાર સાથે ભાવપૂર્વક કરાવવાતું ભોજન

જૂનાગઢ તા.૧૫

સૌરાષ્ટ્ર- સોરઠના સંતોએ શરૂ કરેલી ભજન અને ભોજનની પરંપરા આજે આધુનિક સમયમાં પણ વિસરાય નથી. ગિરનાર લીલી પરિક્રમા હોય કે પ્રસિદ્ધ મહાશિવરાત્રીનો મેળો અહીં અન્નક્ષેત્રો -સેવાભાવી સંસ્થાઓ દ્વારા ભાવિકોને મીઠા આવકાર અને ભાવપૂર્વક ભોજન કરાવવામાં આવે છે. ગિરનાર લીલી પરિક્રમાના ૩૬ કિલોમીટરના રૂટ ઉપર જુદા જુદા પડાવ ખાતે યાત્રિકોને ભોજન મળી રહે તે માટે જૂનાગઢ વન વિભાગ દ્વારા ૭૫ જેટલા અન્નક્ષત્રોને મંજૂરી આપવામાં આવી છે. પ્રકૃતિ અને કુદરતના ખોળે પુણ્યનું ભાથું બાંધવા આવતા ભાવિકોના હૈયે અનેરો આનંદ અને ભક્તિ ભાવ રહેલો હોય છે. આ સંદર્ભે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના ઈતિહાસ વિભાગના વડા પ્રોફેસર- ડો વિશાલ જોશી કહે છે કે, સૌરાષ્ટ્ર સોરઠ ભૂમિના સંતો મહંતોએ ભજન સાથે ભોજનની શરૂ કરેલી પરંપરા આજે પણ અવિરત ચાલી રહી છે. જે ગિરનાર લીલી પરિક્રમા અને મહાશિવરાત્રીના મેળામાં બખૂબી જોવા મળે છે. આ ભૂમિના પરબના દેવીદાસ બાપુ અને અમર માં, સતાધારના આપાગીગા, વીરપુરના જલારામ બાપા, મેકરણ દાદા, અમૃતગીરી બાપુ, ત્રિલોકનાથ બાપુ, કશ્મીરી બાપુ વગેરે સંતોએ ભજન સાથે ભોજનની પરંપરાને ઉજળી કરી છે. ગિરનાર લીલી પરિક્રમા અને મહાશિવરાત્રીના મેળામાં જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર ચાલતા અને સમરસતાના શ્રેષ્ઠત્તમ પ્રતીક એવા અન્નક્ષેત્રો સૌરાષ્ટ્રની આગવી સંસ્કૃતિની પણ ઝાંખી કરાવે છે. તેમ પણ ડો. જોષીએ ઉમેર્યું હતું. ગિરનાર પણ દત્ત ભગવાનની ઉપાસનાનું કેન્દ્ર છે, ગિરનાર પર કમંડળ કુંડ ખાતે ભારતના પ્રાચીનતમ અને સૌથી વધુ ઊંચાઈ પર આવેલા અન્નક્ષેત્ર તરીકે ગણના થાય છે. ઉપરાંત અખાડાઓમાં પણ ભજન સાથે ભોજનની પરંપરા રહી છે. તેનો પણ ડો. જોશીએ ઉલ્લેખ કર્યો હતો. પૌરણિક માન્યતાઓ અનુસાર ભગવાન શ્રીકૃષ્ણએ શરૂ કરેલી ગિરનાર લીલી પરિક્રમા અને ભક્ત નરસિંહ મહેતાએ પોષેલી પરંપરા આજે પણ અવિરત ચાલુ છે. એક સમયે ગિરનાર આ લીલી પરિક્રમા સાધુ સંતો અને તેમના ભક્તો-સેવકો પૂરતી મર્યાદિત હતી. જેમાં આજે લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે. સૌરાષ્ટ્ર- સોરઠની ભૂમિનો કવિઓએ પણ એટલે જ મહિમાગાન કરતા કહ્યું છે કે, સોરઠ દેશ ન સંચર્યો, ન ચડ્યો ગઢ ગિરનાર; ન નાહ્યો દામો-રેવતી, તેનો અફળ ગયો અવતાર...

આલેખન : રોહિત ઉસદડ

# માંગરોળ : જર્જરીત ઓવરહેડ ટેંક ઉતારી લેવા માંગ

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૫

માંગરોળ નગરપાલિકા દ્વારા નવેક વર્ષ પહેલા બનાવાયેલી ૬.૨૦ લાખ લીટર પાણીની સંગ્રહ ક્ષમતા ધરાવતી ઓવરહેડ ટેંક હાલ જર્જરિત અને જોખમી હાલતમાં છે. આશ્ચર્ય તો એ છે કે લાખોનો ખર્ચ કરાયા બાદ આજ દિન સુધી તેનો ઉપયોગ જ થયો નથી !. વર્ષોથી પડતર એવી ટાંકી જીવલેણ અકસ્માત સર્જે તે પહેલાં તેને દુર કરવા કાર્યવાહી હાથ ધરવા સોસાયટીના રહીશોમાં માંગ ઉઠી છે.

શહેરના શાપુર રોડ પર જલારામ મંદીરની પાછળના ભાગે પેરેડાઈઝ સોસાયટી આવેલી છે. વિવિધ વિસ્તારોમાં લોકોને પુરતુ અને જરૂરી દબાણથી પાણી મળે તેવા આશયથી ન.પા. દ્વારા ૨૦૧૪-૧૫ની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની ગ્રાન્ટમાંથી ૧૩ મીટર ઉંચી ઓવરહેડ ટેન્ક બનાવવામાં આવી હતી. પરંતુ લાખોના આંધણ પછી આ ટાંકી વપરાશના વાંકે બિન ઉપયોગી બની રહેતા તેને બનાવવાનો હેતુ જ સર્યો નથી. વિતેલા વર્ષોમાં તંત્ર દ્વારા કોઈ દરકાર ન લેવાતા ટાંકા પરથી ભારેખમ પતરાં અને સિમેન્ટના પોપડા પડી રહ્યા છે. ટાંકીની ભયજનક સ્થિતિ સંબંધે ઓવરહેડ ટેંકનું નબળું કામ અને રાજયના ક્વોલિટી કંટ્રોલ વિભાગ પાસે તેની ગુણવત્તાની ચકાસણી કરવા, ન.પા.એ બનાવેલી વોટર ટેંકથી લોકોને કોઈ ફાયદો જ થયો નથી ત્યારે ગ્રાન્ટની રકમનો દુરુપયોગ, જવાબદાર હોદેદારો પાસેથી આર્થિક નુકસાન વસુલ કરવા સહિતના મુદ્દે જી.કલેકટર, શહેરી વિકાસ કમિશ્નર, મ્યુનિસિપલ કમિશ્નર (ભાવનગર), ગુજરાત તકેદારી આયોગ, મુખ્યમંત્રી સહિતનાને અનેક રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. ત્યારે આ બાબતને ગંભીરતાથી લઈ વિશાળ ટાંકો ધરાશાયી થાય અને ગંભીર દુર્ઘટના સર્જે તે પહેલા યોગ્ય કાર્યવાહી થાય તેવુ રહેવાસીઓ ઈચ્છી રહ્યા છે.

# ખંભાળિયા જિલ્લા પુસ્તકાલયમાં પુસ્તક પ્રદર્શન તથા ચિત્ર સ્પર્ધા યોજાઈ




(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

પુસ્તકાલયો પ્રત્યે લોકોમાં જાગૃતતા વધારવા રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ગુરુવારે ખંભાળિયામાં આવેલા સરકારી જિલ્લા ગ્રંથાલય પુસ્તક પ્રદર્શન તથા ચિત્રકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સ્પર્ધકોએ ભાગ લઈ, પુસ્તક પ્રદર્શન નિહાળ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ કાર્યક્રમના મુખ્ય અતિથી રાજકોટ વિભાગના મદદનીશ ગ્રંથપાલ નિયામક એલ.આર. મોઢના હસ્તે દીપ પ્રાગટ્યથી પુસ્તક પ્રદર્શન ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. સંસ્થાના મદદનીશ ગ્રંથપાલ હિમંત ડાંગર દ્વારા ઉપસ્થિત સૌનું સ્વાગત કરી, પુસ્તક વાંચનના મહત્વ વિષે જણાવ્યું હતું. સંસ્થાના ગ્રંથાલય વિનોદભાઈ વકાતર દ્વારા સ્પર્ધકોને પુસ્તકાલય એ શીખવા માટેની આઝાદી આપે છે તેમ જણાવી સંપૂર્ણ મોકળાશથી પુસ્તકાલયમાં કોઈ પણ જગ્યાએ સ્થાન ગ્રહણ કરીને ચિત્રો દોરવા માટે જણાવ્યું હતું. આ તકે મદદનીશ ગ્રંથાલય નિયામક એલ.આર. મોઢ દ્વારા જરૂરી સૂચનો કરવામાં આવ્યા બાદ સ્પર્ધકોને સામાજિક સંદેશ રૂપી નયન રમ્ય ચિત્રો ડ્રોઈંગ શીટ કંડાર્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના કર્મચારી અમિતભાઈ દવે તથા ખીમજીભાઈ ઝાલા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ઉનાના ગાંગડા ગામની હોટલમાં ચાલતા જુગાર ઉપર પોલીસ ત્રાટકી : ૨.૨૮ લાખની રોકડ સાથે ૨૦ ઝડપાયા

ઉના, તા.૧૫:

તાલુકાના ગાંગડા ગામે હોટલ ભગીરથમાં જુગાર ચાલતો હોવાની બાતમી ઉપરથી એલ.સી.બી. ટીમ ત્રાટકીને આ હોટલમાં જુગાર રમતા ૨૦ શખ્સોને રૂા.૨,૨૮,૫૦૦ની રોકડ સાથે પકડીને ગુન્હો નોંધ્યો છે.

એલસીબીના ઈ.ચા. પો.ઈન્સ. એ.બી.જાડેજાના માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ. એ.સી.સિંધવ તથા ટીમના પેટ્રોલીંગ દરમ્યાન પો.કોન્સ. રાહુલભાઈ છેલાણા તથા પો.હેડ કોન્સ. ગોવિંદભાઈ વાળા તથા પો.કોન્સ. વિજયભાઈ ચૌહાણને મળેલ જુગાર અંગે બાતમી આધારે ગાંગડા ગામે હોટલ ભગીરથના રૂમ નં. ૧૦૫ માં રેઈડ કરીને જુગાર રમતા ૨૦ શખ્સોને રૂા. ૨,૨૮,૫૦૦ રોકડ તથા ૨ કાર, ૨૪ મોબાઈલ સહિત રૂા.૧૩,૫૬,૬૦૦નો કુલ મુદામાલ સાથે પકડીને ગુન્હો નોંધ્યો છે. ગાંગડા ગામની હોટલમાં જુગાર રમતા યાકુબભાઈ અબ્દુલકરીમ સસ્તાન મન્સુરી, હારૂન અબ્બાસભાઈ મન્સુરી (ઉ.વ.૩૬) રહે. વરસીંગપુર પ્લોટ, રહે. હાલ સુરત આંબોલી સપના નગર કામરેજ સુરત, સોયેબભાઈ અલ્લારખાભાઈ મન્સુરી, જુબેરભાઈ દાદુભાઈ મન્સુરી, ઈકબાલભાઈ બહાઉદીનભાઈ, અકરમભાઈ ઈકબાલભાઈ, નિરવભાઈ રાજુભાઈ લાલાણી, જુનેદભાઈ સતારભાઈ સરવૈયા, મહમદ દાનીશ અબ્દુલ, શાહીદભાઈ કરીમભાઈ, નદીમભાઈ રજાકભાઈ સરવૈયા તથા ઈરફાનભાઈ ઈકબાલ, સોહીલભાઈ કાદરભાઈ, રહીમભાઈ સતારભાઈ, રીજવાનભાઈ રજાકભાઈ, ઈકબાલભાઈ જુસબભાઈ, બસીરભાઈ ફકીરમહમદ, અસરફભાઈ રજાકભાઈ, ઈમરાનખાન અકબરભાઈ, સોહીલભાઈ હારૂનભાઈને પકડી લીધા હતા. દરોડા દરમ્યાન મહમદ રફીક મન્સુરી રહે. સુરતવાળો નાસી ગયેલ છે. આ જુગાર દરોડાની કામગીરી એલ.સી.બી. ઈ.ચા. પો.ઈન્સ. એ.બી.જાડેજા, પો. સબ ઈન્સ. એ.સી.સિંધવ, પો.હેડ કોન્સ. રાજુભાઈ ગઢીયા, પો.કોન્સ. રાહુલભાઈ છેલાણા તથા વિજયભાઈ ચૌહાણ, પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ.આઈ. સુભાષભાઈ ચાવડા તથા પો.હેડ કોન્સ. પ્રવિણભાઈ મોરી,ડ્રા. પો.હેડ કોન્સ. રાજુભાઈ પરમારે કરી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા વિકાસ અધિકારી તરીકે ગાંધીનગરથી એ.બી. પાંડોર મુકાયા

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા બી.એમ. જોટાણીયાની થોડા સમય પૂર્વે થયેલી બદલી બાદ તેમની જગ્યાએ નવસારીથી નવયુવાન આઈ.એ.એસ. અધિકારી શ્રી આનંદુ સુરેશ ગોવિંદનો ઓર્ડર થયો હતો. જયારે ગુરુવારે રાજ્યના જનરલ એડમિનિસ્ટ્રેશન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા એક ઓર્ડરમાં ઉપરોક્ત નિયુક્તિને રદ કરવામાં આવી છે. જયારે અહીંના ડી.ડી.ઓ. તરીકે ગાંધીનગરથી જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર તરીકે ફરજ બજાવતા સિનિયર આઈ.એ.એસ. અધિકારી શ્રી એ.બી. પાંડોરની નિમણુંક કરવામાં આવી છે.

# કેન્દ્ર સરકાર જનહિતમાં વિચારે : તમામ સરકારી કાગળોમાં એક સાથે સુધારા થાય તેવી ડીજીટલ વેબસાઈટ લોન્ચ કરવા લોક માંગ

## પાનકાર્ડ, રેશનકાર્ડ, લાયસન્સ, આધારકાર્ડ, મા કાર્ડ, ચૂંટણી કાર્ડ, અનેક કાર્ડમાં ભૂલચૂક કે દોષ સુધારા માટે એક સાથે તમામમાં સુધારો થાય તેવું કરવાથી અનેક પ્રશ્નો હલ થશે


(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૧૫

માણાવદર સહિત ગુજરાતમાં અનેક નાગરીકો પાસે સરકારી કાગળોમાં ક્યાંકને ક્યાંક ભૂલચૂક, દોષ કે નામ ફેરફાર કરવા એક ઓફિસેથી બીજી ઓફિસે ધક્કા ખાવા પડે છે તેમ છતાં ભુલો રહેતા તમામ સરકારી કાગળો કરવામાં કે સરકારી યોજનાનો લાભ છેવાડાના નાગરિકો સુધી નથી મળતો તેમજ સરકારી ક્ષેત્રે જુદા-જુદા નામોના કારણે અનેક મુશ્કેલીઓ આમ જનતાને ભોગવવી પડે છે.

હાલના અનેક ડીજીટલ કોમ્યુટર પ્રોગ્રામો બની શકે છે તેવી રીતે તમામ સરકારી કાગળોમાં એક સ્થળે સુધારો કરાય તો તમામ સ્થળે એટલે કે તમામ જરૂરી ડોકયુમેન્ટોમાં એક સરખા, નામ, અટક, સ્થળ, મોબાઈલ નંબર સહિત સુધારો થઈ જાય જેથી તમામ કામોમાં સરળતા રહે અને બોગસ નામો, અટકો દર થતા અનેક રૂપીયાનો ફાયદો સરકાર તથા સાચા નાગરિકોને ફાયદો થાય સમય, પૈસા, બચે તથા સરકારની યોજનાઓનો લાભ સાચી વ્યક્તિને મળે પ્રજાજનોને એક ઓફિસથી બીજી ઓફિસે ધક્કા ના ખાવા પડે મજુર વર્ગની રોજગારી ના બગડે તેવી લોક માંગ ઉઠવા પામી છે. આધુનિક ડીજીટલ યુગનો લાભ મળે તેમ છે જો આવી વેબસાઈટ કરે તો એક સાથે બધા ડેટા પણ મળી જાય જેના ઉપરથી સરકાર યોજના બનાવી શકે.

# દ્વારકાધીશના જગતમંદિરમાં દેવદિવાળી ઉત્સવ ઊજવાશે



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૫

તા.૧૫મીને શુક્રવારના રોજ કારતક સુદ પૂર્ણિમાના પાવન અવસરે દ્વારકાધીશના જગતમંદિરમાં દેવદિવાળી ઉત્સવની પરંપરાગત રીતે ઊજવણી કરવામાં આવશે. આ અંગે દ્વારકાધીશ મંદિરના પુજારી પ્રણવભાઈ ઠાકરના જણાવ્યા અનુસાર શાસ્ત્રોમાં દેવદિવાળીને દેવોની દિવાળી તરીકે સંબોધિત કરવામાં આવેલ છે એટલે દેવદિવાળીના પાવન અવસરે કાળિયા ઠાકોરને વિશેષ શૃંગાર ધારણ કરાવાશે. આ પ્રસંગે શ્રીજીને મધ્યાહન સમયે રાજભોગમાં અદકી વિશેષ ભોગ ધરાવવામાં આવશે. આ ઉપરાંત સાંજના સંધ્યા સમય પછી નિજમંદિર તથા નિજસભાગૃહમાં રંગોળી તથા દીપમાલા સાથે સુશોભન કરવામાં આવશે.

# દ્વારકાધીશ જગતમંદિર પરિસરમાં આવેલા રાણીવાસમાં રંગોળી સાથે અગીયાર હજાર દીવડાઓ પ્રગટાવી દેવદિવાળી ઊજવાશે

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૫

જગતમંદિરમાં શારદાપીઠ સંચાલિત વિવિધ મંદિરોની સેવા-પૂજાનો ક્રમ સંભાળતા વિજયભાઈ તથા આનંદભાઈ ઉપાધ્યાયે જણાવેલ કે કારતક મહિનામાં દીવડાની પુજા તથા દીપદાનનું વિશેષ મહત્વ છે ત્યારે દ્વારકાધીશના જગતમંદિરમાં આવેલા રાણીવાસમાં કારતક સુદ પુર્ણિમા એટલે કે દેવદિવાળીના પાવન અવસરે સાંજના સમયે લક્ષ્મીજીના મંદિર સન્મુખ અલગ-અલગ પ્રકારની રંગોળીઓ બનાવીને તેમાં અગીયાર હજાર દીવડાઓને પ્રગટાવી ઓનુ પ્રગટાવી શુભોભન કરી રંગોળી કરીને દેવદિવાળીનો ઉત્સવ મનાવવામાં આવશે. કાર્તિક પણિમાના દીપ પ્રજવલિત કરી તેના દર્શનથી સુખ-શાંતિ, સમૃદ્ધિ તથા ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.

કાર્તિક પૂર્ણિમા દેવદિવાળીના દિવસે જે કોઈ વ્યકિત પરમાત્માનું સ્મરણ કરી સાતસોવીસ દીવા કરે એ સર્વ પાપોમાંથી મુક્ત થાય છે. આ દીપ પ્રાગટય અને તેના દર્શન થકી તેને સુખ-શાંતિ, સમૃધ્ધિ અને અભ્યુદય તથા ઐશ્વર્યની પ્રાપ્તિ અવશ્ય થાય છે એવું પૌરાણિક ગ્રંથમાં કહેવાયું છે. દેવદિવાળીની

સમાપ્તિ સાથે જ દીપાવલીનો મહોત્સવ પૂર્ણવિરામ પામે છે અને તે સાથે જ શરૂ થાય છે શુભ લગ્નોની સિઝન એટલે કે લગ્નોત્સવ. લગ્નોત્સુક યુવક-યુવતીઓના પરિવારોમાં શુભ મુહુર્ત દિને તોરણો બંધાય છે મંગળગીતો ગવાય છે અને ઢોલ ઢબુકે છે. અને વરકન્યા પ્રભુતામાં પદાર્પણ કરે છે.

# અમેરિકામાં રીન્યુએબલ એનર્જીમાં ૧૦ બિલિયન ડોલર રોકશે અદાણી ગ્રુપ



અમદાવાદ તા. ૧૫

દેશના ટોચના ઉદ્યોગપતિઓમાં સ્થાન ધરાવતા અદાણી ગ્રુપના ગૌતમ અદાણીએ હવે તેની પાંખો વૈશ્વિક સ્તરે ફેલાવી રહ્યા છે અને હાલમાંજ અમેરિકામાં ચૂંટણી જીતી જનાર પુર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને શુભેચ્છા આપતા જાહેરાત કરી હતી કે અદાણી ગ્રુપ બિનપરંપરાગત ઉર્જામાં અમેરિકાએ ૧૦ બિલિયન ડોલરનું રોકાણ કરશે.

ખાસ કરીને અમેરિકાએ એનર્જી સિકયોરીટી અને ઈન્ફ્રાસ્ટ્રકચરમાં તેનું આ રોકાણ હશે. 'એકસ' પર પોષ્ટમાં ગૌતમ અદાણીએ ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન સંદેશો શેર કરતા આ માહિતી આપી હતી. તેઓએ જણાવ્યું કે અદાણી ગ્રુપ તેની વૈશ્વિક હાજરી વધારવા કૃતનિશ્ચય છે અને તેના રોકાણથી અમેરિકાએ ૧૫૦૦૦ જોબ સર્જશે. આ અગાઉ યુરોપીયન યુનીયન, જર્મની, ડેનમાર્ક અને બેલ્જીયમના રાજદૂતો કચ્છના ખાવડામાં વિશ્વના સૌથી મોટા રીન્યુએબલ એનર્જી પાર્કની મુલાકાત લીધી હતી તથા દેશના સૌથી મોટા બંદર તરીકે સ્થાન મેળવનાર મુદ્રા પણ નિહાળવા ગયા હતા. ગૌતમ અદાણીએ તે તસ્વીરો એકસ પર મુકતા હાઈડ્રોજન ઈકોસીસ્ટમ પર ભાર મુકયો હતો.

# ખેતીવાડી પર માત્ર ૧૯ ટકા નભે છે ! બાકીના ૮૧ ટકા ગામડાંના વપરાશકારોની આવક વિવિધ સ્ત્રોત પર નિર્ભર



નવી દિલ્હી, તા.૧૫

ગામડાંમાં માત્ર ૧૯ ટકા લોકોને ખેતીની આવક છે અને બાકીની ૮૧ ટકા વસ્તી જ માગ વધારે છે, એવું એક અભ્યાસમાં જણાવાયું છે.

ગામડાંના રહીશો માટે સર્વસામાન્ય માન્યતા એવી હોય છે કે એ લોકો ખેતીની આવક પર નિર્ભર હોય છે પણ એવું છે નહીં. ગ્રામીણ બજારમાં ખેતીની આવક પર નભતા વપરાશકારોની સંખ્યા માત્ર ૧૯ ટકા જ છે.

બાકીના ૮૧ ટકા ગામડાંના વપરાશકારોની આવક વિવિધ સ્રોત પર નિર્ભર છે. ખેતીની આવક પર નિર્ભર આ ૧૯ ટકા વસ્તીમાં સામેલ ૮૨ ટકા ખેડૂતો મોટે ભાગે આર્થિક સમસ્યા સામે ઝઝૂમતા હોય છે. બીજી તરફ આવકના વિવિધ સ્રોત પર નિર્ભર વસતિ સરખામણીની દૃષ્ટિએ ઓછા આર્થિક તણાવનો સામનો કરતી હોય છે. એટલે કે ખેડૂતો કરતાં વધુ સારી સ્થિતિમાં હોવાનું આ વિષયમાં હાથ ધરાયેલા એક અભયાસના રિપોર્ટમાં જણાવવામાં આવી છે. સર્વેક્ષણ -માણે ગ્રામ્ય વિસ્તારોની ખર્ચશકતિમાં વધારો થઈ રહ્યો છે.

જીવનશૈલી ઉચ્ચ કક્ષાની થઈ રહી છે. આર્થિક સમસ્યાઓ છતાં પણ સુવિધાજનક ઉત્પાદનોની ખરીદી કરવાને કારણે આ અનુમાન લગાવી શકાય. ગામડાંમાં રેડી-ટુ-ઈટ, કોલ્ડ ડ્રિન્ક સહિતની વસ્તુઓની માગ ૬૦ ટકા વધી ગઈ છે.

ગામડાંમાં આ વર્ષે અત્યાર સુધીમાં ૨૦૨૨ની સરખામણીએ એફએમસીજી બાસ્કેટ (ભોજન, પીણાં, સફાઈની વસ્તુઓ, પ્લાસ્ટિકની વસ્તુઓ, સ્ટેશનરી વગેરે)નું કદ ૬૦ ટકા સુધી વધીને ૫.૮થી ૯.૩ થયું છે. અહીં રેડી-ટુ-ઈટ ઉત્પાદનો અને ઠંડાં પીણાંની માગ વધી રહી છે. આ ગ્રામ્ય વિસ્તારોમાં જીવનશૈલી અને ખર્ચશકતિમાં મોટા ફેરફાર સામેનો અંગૂલીનિર્દેશ છે.

### પ્લાસ્ટિક પ્રતિબંધ વન્યજીવ અને પર્યાવરણ માટે જરૂરી

# જંગલમાં પ્લાસ્ટિક ન ફેલાય તે લોકોની પણ ફરજ : પરિક્રમાર્થી

જૂનાગઢ તા.૧૫

ગિરનાર લીલી પરિક્રમામાં લાખો શ્રદ્ધાળુઓ ગરવા ગિરનારની પરિક્રમા માટે ઉમટે છે. આ પરિક્રમા ગિરનાર અભયારણ્ય વિસ્તારમાં થતી હોવાથી અહીં પ્લાસ્ટિકના વપરાશ પર પ્રતિબંધ છે. જેથી વહીવટી તંત્ર વન વિભાગ દ્વારા પણ પ્લાસ્ટિક પ્રતિબંધની અમલવારી કરવામાં આવી રહી છે. ગિરનાર લીલી પરિક્રમામાં ભાવિકો પણ પ્લાસ્ટિકનો ઉપયોગ અટકે તે માટે જરૂરી સહયોગ આપી રહ્યા છે, સાથે જ વન અને વન્યજીવનના રક્ષણ માટે પ્લાસ્ટિક પ્રતિબંધને આવશ્યક પણ ગણાવી રહ્યા છે. ઉપલેટાથી ત્રીજી વખત પરિક્રમા કરવા માટે આવેલા શ્રી જયેશભાઈ ઓડેદરા જણાવે છે કે, પ્લાસ્ટિક જંગલમાં આવતું અટકે તે માટે તંત્ર દ્વારા તો ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. પરંતું જંગલમાં પ્લાસ્ટિક ન ફેલાય તે આપણી પણ ફરજ છે. તંત્ર દ્વારા પ્રકૃતિના રક્ષણ સાથે યાત્રિકો માટે પીવાના પાણી, રાત્રિના સમયે અજવાળું ઉપરાંત યાત્રિકોની સુરક્ષાની પણ ખાસ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જે સરાહનીય છે.

બીજા એક મહારાષ્ટ્રના સાંગલીથી આવેલા એક પરિક્રમાર્થી કહે છે કે, સ્થાનિક પ્રશાસને ખૂબ સારી વ્યવસ્થાઓ કરી છે. પ્લાસ્ટિક પ્રતિબંધ વન્યજીવ અને પર્યાવરણ માટે જરૂરી છે. આ સાથે તંત્ર દ્વારા લોકોને અસુવિધા ન થાય તે માટે ઈકો ફ્રેન્ડલી બેગ પણ આપવામાં આવી રહી છે. આમ,પરિક્રમાર્થીઓ પ્રકૃતિના રક્ષણ માટે પ્લાસ્ટિકના ઉપયોગને ' ના ' કહી રહ્યા છે.

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ગુજરાતમાં સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સનું સશક્તિકરણ કરશે




(રાજેશ મહેતા) ગાંધીનગર, ૧૫ : સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી સ્પોર્ટ્સ ઈનોવેશનમાં ભારતની વધતી જઈ રહેલી અભિરુચિને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સને સમર્થન પૂરું પાડવા 'સ્વર્ણિમ સ્પોર્ટ્સપ્રેન્યોર સેલ'ને શરૂ કરવા માટેની એક અગ્રણી પહેલને લૉન્ચ કરીને ખૂબ જ રોમાંચિત છે. આ પહેલ અંતર્ગત રમતગમતના ક્ષેત્રમાં ઉદ્યોગસાહસિકતા અને ટેકનોલોજી સંબંધિત પ્રગતિને પ્રોત્સાહન આપવામાં આવશે, જેમાં સ્પોર્ટ્સ ટેકનોલોજી, પ્રશંસકોને સાંકળવા અને પર્ફોમન્સના વિશ્લેષણ જેવી બાબતો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. ભારતમાં સ્પોર્ટ્સ ઈન્ડસ્ટ્રીનું કદ વર્ષ ૨૦૨૩માં લગભગ ૧૫૮ અબજ રૂપિયા જેટલું હતું. જે વર્ષ ૨૦૨૧ની સરખામણીએ એક નોંધપાત્ર હરણફાળ છે, જેને મીડિયા પાછળ થતાં ખર્ચ, સ્પોન્સરશિપ અને એન્ડોર્સમેન્ટ્સ દ્વારા પ્રોત્સાહન મળ્યું છે. આ હકીકત ફક્ત ક્રિકેટ માટે જ નહીં પરંતુ ફૂટબોલ અને અન્ય ઉભરી રહેલી રમતો માટે પણ છે. યુનિવર્સિટીનું આ નવું પ્લેટફોર્મ આઈડીયા આપવાથી માંડીને તેનો વ્યાપ વધારવા સુધી સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સને એક સાર્વત્રિક સપોર્ટ પૂરો પાડશે તથા માર્ગદર્શન, ફન્ડિંગ અને ઈન્ડસ્ટ્રીના નેટવર્ક સુધીની પહોંચ પણ આપશે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ ફાઉન્ડેશન મારફતે સ્ટાર્ટઅપના વિકાસના વિવિધ તબક્કે નાણાકીય સહાય પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષમતા ધરાવતા નવીન પ્રકારના સ્પોર્ટ્સ ઉદ્યમોનું સશક્તિકરણ પણ કરવામાં આવશે. હાલમાં ગુજરાતમાં સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સ ઘણાં જૂજ હોવા છતાં હાલમાં ગુજરાતમાં સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સ ઘણાં જૂજ હોવા છતાં યુનિવર્સિટી ઉભરી રહેલી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે. આવા સ્પોર્ટ્સ ઉદ્યમોને આઈડીયા આપવાથી માંડીને પ્રોટોટાઈપના વિકાસ, એમવીપી અને સ્કેલિંગ સુધીના વિકાસના તમામ તબક્કે સમર્થન પૂરું પાડવામાં આવશે તથા તેના માટેના પાત્રતાના માપદંડો પણ ઘણાં ફ્લેક્સિબલ હશે. સ્વર્ણિમ સ્પોર્ટ્સપ્રેન્યોર સેલ દ્વારા સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૫૦ લાખનું ફંડ ફાળવવામાં આવશે.

# જૂનાગઢ જિલ્લાના નાગરિકોને તા. ૧૭મી નવેમ્બરે ઘર આંગણે મતદાર યાદીમાં નામ નોંધાવવા અને સુધારવાની તક

### જૂનાગઢ જિલ્લા મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં સહભાગી બનવા જિલ્લા કલેકટરશ્રીનો અનુરોધ

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ જિલ્લાના તમામ મતદાન મથકો ખાતે તા.૧૭-૧૧-૨૦૨૪, તા.૨૩-૧૧-૨૦૨૪(શનિવાર) તથા તા.૨૪-૧૧-૨૦૨૪ (રવિવાર)ના રોજ મતદાર યાદી સુધારણા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. આ ઝુંબેશમાં તા. ૦૧-૦૧-૨૦૨૫ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તેવા વ્યક્તિઓ પણ મતદારયાદીમાં નામ નોંધણી કરાવી શકશે. આ મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં નાગરિકોને સહભાગી બનવા જિલ્લા કલેકટરશ્રીએ અનુરોધ કર્યો છે.

તા.૦૧/૦૪/૨૦૨૫ સુધીમાં ૧૮ વર્ષ પૂર્ણ થતા હોય તેવા વ્યક્તિઓ પણ મતદારયાદીમાં નામ નોંધણી માટે ફોર્મ નં.૬ ભરી શકશે. આગામી સમયમાં જયારે તેઓના ૧૮ વર્ષ પૂર્ણ થશે ત્યારે તેનો નિર્ણય કરવામાં આવશે. ત્યારબાદ તેઓનું નામ મતદારયાદીમાં દાખલ કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત ખાસ ઝુંબેશોના દિવસોએ સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ કલાક સુધી જિલ્લાનાં તમામ વિધાનસભા મત વિભાગમાં પ્રત્યેક મતદાન મથકો ખાતે બૂથ લેવલ ઓફિસર ઉપસ્થિત રહેશે. જ્યાં મતદારયાદીની વિગતો ચકાસી શકશે તેમજ મતદારયાદીમાં મતદાર તરીકે નોંધણી કરાવવા માટે ફોર્મ ભરીને સ્થળ પર રજૂ કરી શકશે. પ્રથમ વખત મતદાર તરીકે નોંધણી કરવા માટે ફોર્મ નં.૬ ભરવાનુ રહેશે. આ સાથે ઉંમરનો પુરાવો તરીકે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જન્મ નોંધણી પ્રમાણપત્ર, આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, ધોરણ ૧૦ કે ૧૨ ની માર્કશીટ કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય, ભારતીય પાસપોર્ટ, અન્ય કોઈ એવો પુરાવો કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય (કોઈ પણ એક), ઉપરાંત રહેઠાણનો પુરાવો, મોબાઈલ નંબર અને આધાર કાર્ડ રજૂ કરવાનુ રહેશે.

મતદાર યાદીમાં આધાર નંબર ઉમેરવા ફોર્મ નં.૬-B ભરવાનુ રહેશે. આ સાથે આધાર કાર્ડ અથવા- મનરેગા જોબ કાર્ડ, પાન કાર્ડ, ભારતીય પાસપોર્ટ, ફોટા વાળી બેંક/ પોસ્ટની પાસબુક જોડવાના રહેશે. નામ કમી કરવા (મૃત્યુના કિસ્સામાં, અન્ય દેશની નાગરીકતા મેળવ્યાના કિસ્સામાં) ફોર્મ નં.૭ ભરી મરણનું પ્રમાણપત્ર (મરણના કિસ્સામાં) રજૂ કરવાનુ રહેશે. રહેઠાણ બદલવાના કિસ્સામાં/ મતદારયાદીમાં વિગતો સુધારવા/EPIC બદલવા/ PwD (દિવ્યાંગ મતદાર) તરીકે નોંધ કરાવવા ફોર્મ નં.૮ ભરવાનુ રહેશે. આમ, જે વિગત સુધારવી હોય તેનો પુરાવો રજૂ કરવાનો રહેશે.

વધુમાં કોઈનું અવસાન થયું હોય તો તે મતદારના નામ કમીની અરજી દ્વારા માત્ર મતદારયાદીમાંથી નામની કમી થશે, મૃત્યુ પામેલ વ્યક્તિના અન્ય ડોક્યુમેન્ટ્સ (જેવાકે રાશન કાર્ડ, આધાર કાર્ડ, પાન કાર્ડ વગેરે) માં કોઈ અસર થશે નહી. આ ઉપરાંત જો કોઈ મતદાર ઓનલાઈન ફોર્મ ભરવા માંગે તો Voter Helpline Application મોબાઈલમાં ડાઉનલોડ કરી અરજી કરી શકાશે. આ ઉપરાંત www.voterportal.eci.gov.in અનેvoters.eci.gov.in વેબસાઈટ પર જઈ સરળતાથી ફોર્મ ભરી શકે છે. જેમાં તેઓએ જરૂરીયાત મુજબના સ્વયં પ્રમાણિત પુરાવા અપલોડ કરવાના રહેશે. તેમ જૂનાગઢ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવાયુ છે.

# ગિરનાર લીલી પરિક્રમામાં આવેલા ૧૪૬૭૨ યાત્રિકોને જરૂરી આરોગ્ય સારવાર અપાઈ

જૂનાગઢ તા.૧૫

ગિરનાર લીલી પરિક્રમમાં આવેલા ૧૪૬૭૨ યાત્રિકોને જરૂરી આરોગ્ય સારવાર આપવામાં આવી છે. ગિરનાર લીલી પરિક્રમાના ૩૬ કિલોમીટર લાંબા રૂટ પર તંત્ર દ્વારા ૧૦ જેટલા હંગામી દવાખાનાઓ યાત્રિકોની સારવાર માટે શરૂ કરવામાં આવ્યા છે. યાત્રિકોના આરોગ્યની દરકાર માટે ૧૬ જેટલી મેડિકલ ટીમ સાથે સેવારત છે. ગિરનાર લીલી પરિક્રમામાં તા.૧૧,૧૨ અને ૧૩ નવેમ્બર સુધીમાં ૧૪૬૭૨ યાત્રિકોને તાવ, શરદી-ઉધરસ, શરીરના દુઃખાવા વગેરે દર્દોમાં જરૂરી આરોગ્ય સારવાર આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગિરનાર લીલી પરિક્રમાના રૂટ પર જીણાબાવાની મઢી, સરકડિયાના ઘોડી વિસ્તાર, માળવેલા વિસ્તાર, માળવેલાની ઘોડી ઉપરના પોઈન્ટ, શ્રવણની કાવડના નળપાણી વિસ્તાર, નળપાણીની ઘોડી ઉપરના પોઈન્ટ, બોરદેવી વિસ્તાર, બળદેવી મંદિર, ભવનાથ અને ગિરનાર અંબાજીની ટૂંક પર હંગામી દવાખાના કાર્યરત છે. ઉપરાંત ભવનાથના નાકોડા ખાતે તાત્કાલિક સારવાર પણ ઉપલબ્ધ છે. આકસ્મિક સંજોગોમાં દર્દીને નજીકના દવાખાના પહોંચાડવા માટે ૧૨ જેટલી એમ્બ્યુલન્સ પણ પરિક્રમા રૂટ પર ડેપ્યુટેડ છે.

# જૂનાગઢ જિલ્લાનાં ૧૮ થી ૩૫ વર્ષના રોજગારવાંચ્છુઓ માટે તા.૧૬ નવેમ્બરના રોજગાર ભરતી મેળો

જૂનાગઢ તા. ૧૫

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ મધર ડેરી ફ્રુટ એન્ડ વેજીટેબલ લી. (જૂનાગઢ ડેરી) સીનોવા ગીયર્સ એન્ડ ટ્રાંશમીશન પ્રા. લી. તથા પર્ફેકટ ઓટો સર્વિસ (નેક્ષા) એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ ટેકનીસીયન, સી.એન.સી./ વિ.એમ.સી./મશીન ઓપરેટર અને સેલ્સ એકઝ્યુકેટીવ ની જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ આઈ.ટી.આઈ. ડિપ્લોમા કે સ્નાતક ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, 'બી' વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે તા.૧૬/૧૧/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતી મેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat.gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકો છો.

# ચિત્રાવડ ખાતે મંત્રી શ્રી ભાનુબહેન બાબરિયાની અધ્યક્ષતામાં જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી થશે

### કન્યા નિવાસી સાક્ષરતા શાળામાં યોજાનાર કાર્યક્રમની તૈયારીઓનું નિરીક્ષણ કરતા જિલ્લા કલેક્ટરશ્રી

ગીર સોમનાથ તા.૧૫

ભગવાન બિરસા મુંડાના જન્મદિવસ ૧૫ નવેમ્બરને કેન્દ્ર સરકાર દ્વારા 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ગીર સોમનાથ જિલ્લાના ચિત્રાવડ ખાતે મંત્રી શ્રી ભાનુબહેન બાબરિયાની અધ્યક્ષતામાં કન્યા નિવાસી સાક્ષરતા શાળામાં જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી થશે આદિજાતી વિકાસ મંત્રાલય દ્વારા આયોજિત જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કાર્યક્રમ અને પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (પીએમ-જનમન) ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અન્વયે જનજાતિય લાભાર્થીઓ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સંવાદ સાધશે. રાજયભરના પીએમ-જનમન અંતર્ગત ૧૧ જિલ્લાઓમાં આ કાર્યક્રમ યોજાશે. જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ ચિત્રાવડ ખાતે યોજાનાર કાર્યક્રમ અંગે સ્થળ મુલાકાત લીધી હતી અને કાર્યક્રમની વ્યવસ્થાઓ વિશે સ્થળ નિરીક્ષણ કરી શીર્ષ અધિકારીઓને માર્ગદર્શિત કર્યા હતાં. નાયબ કલેક્ટર-૧ શ્રી એફ.જે.માકડાએ કલેક્ટરશ્રીને કાર્યક્રમના સ્ટોલ, કાર્યક્રમના લાભાર્થી, ટ્રાન્સપોર્ટેશન, વીજળી અને પાણી સહિતની વિવિધ વ્યવસ્થાઓ વિશે અવગત કર્યા હતાં. કલેક્ટરશ્રીએ વિવિધ વિભાગોના સંકલનથી સમગ્ર કાર્યક્રમનું સૂચારૂ રીતે યોજાય તે સુનિશ્ચિત કરવા માટે માર્ગદર્શન આપ્યું હતું. કલેક્ટરશ્રીની આ મુલાકાત દરમિયાન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી યોગેશ જોશી, પ્રાયોજના અધિકારી શ્રી એમ.કે.મણવર, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એમ.પી.બોરિચા સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# એચડીએફસી બેંકની પરિવર્તન પહેલ ગુજરાતમાં ૫૮ લાખથી વધારે લોકોના જીવનમાંસુખદ પરિવર્તન લાવી




(રાજેશ મહેતા દ્વારા)

અમદાવાદ, ૧૪ નવેમ્બર, ૨૦૨૪:ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંક એચડીએફસી બેંક તેની સીએસઆર પહેલ ઈંપરિવર્તન મારફતે ગુજરાતમાં અત્યાર સુધીમાં ૫૮.૫૩ લાખ લોકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવી ચૂકી છે.

એચડીએફસી બેંકની પરિવર્તન પહેલ ગુજરાતમાં વર્ષ ૨૦૧૭થી ચાલી રહી છે. બેંકનો પરિવર્તન પ્રોગ્રામ ગ્રામ્યવિકાસ, શિક્ષણને પ્રોત્સાહન, કૌશલ્યવિકાસ અને આજીવિકા વધારવી, આરોગ્ય અને સ્વચ્છતા તથા નાણાકીય સાક્ષરતા અને સમાવેશન સહિતના પાંચ મુખ્ય ફૉકસ એરીયા પર કેન્દ્રીત છે. બેંકે વર્ષ ૨૦૧૭થી આણંદ, ગાંધીનગર, પંચમહાલ, મહીસાગર, તાપી, વલસાડ, સાબરકાંઠા, નર્મદા, ખેડા, ગીર સોમનાથ, અમરેલી અને કચ્છ જિલ્લામાં એચઆરડીપી હેઠળ ૨૦૫ ગામોને આવરી લીધાં છે. આ ઉપરાંત, તેણે ગુજરાતમાં તેના ફૉકસ ડેવલપમેન્ટ પ્રોજેકટ હેઠળ અમદાવાદ, બનાસકાંઠા, ભાવનગર, ડાંગ, જામનગર, જૂનાગઢ, ખેડા, કચ્છ, મહીસાગર, નવસારી, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા અને સુરેન્દ્રનગર જિલ્લાઓના ૪૧૭ ગામોને આવરી લઈ રાજયમાં સ્થાયી વિકાસને આગળ વધાર્યો છે.

આ સિવાય બેંક મહત્ત્વકાંક્ષી તાલુકા અરવલ્લી તથા પાટણ અને બનાસકાંઠાના સરહદી વિસ્તારોના ગામોમાં નવા પ્રોજેક્ટ્સ પણ લૉન્ચ કરવા જઈ રહી છે. પરિવર્તન હેઠળના પાંચ મુખ્ય ફૉકસ એરીયામાંથી ગ્રામ્યવિકાસ, શિક્ષણને પ્રોત્સાહન, કૌશલ્યની તાલીમ અને આજીવિકા વધારવીનો સૌથી વધારે પ્રભાવ પડ્યો છે, જેના કારણે અનુક્રમે ૩.૭૮ લાખ ખેડૂતો, ૩૧,૦૯૦ વિદ્યાર્થીઓ અને ૫૩,૮૩૦ મહિલા ઉદ્યોગસાહસિકો લાભાન્વિત થઈ રહ્યાં છે. આ પહેલની પહોંચ ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી ૧૭ જિલ્લા સુધી છે. એચડીએફસી બેંકના સીએસઆરના હેડ સુશ્રી નુસરત પઠાણએ જણાવ્યું હતું કે, 'એચડીએફસી બેંક રાષ્ટ્રનિર્માણ માટે દ્રઢપણે કટિબદ્ધ છે અને પરિવર્તન એ દેશમાં સ્થાયી વિકાસને આગળ વધારવા અમારું યોગદાન આપવા માટેની એક પહેલ છે. એચડીએફસી બેંક પરિવર્તન પહેલ મારફતે અમે વિવિધ સમુદાયોનું સશક્તિકરણ કરીને અને જમીની સ્તરે હકારાત્મક પરિવર્તન લાવીને સામાજિક-આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. અમારા સીએસઆર પ્રયાસોનું ફૉકસ દેશના સૌથી ઝડપથી વિકસી રહેલા રાજ્યોમાંથી એક એવા ગુજરાત પર સવિશેષ છે અને અમે આ રાજયની સફળતાઓમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે કટિબદ્ધ છીએ.'

એચડીએફસી બેંકના ગુજરાત ખાતેના બ્રાન્ચ બેંકિંગ હેડ શ્રી થોમસન જૉસએ જણાવ્યું હતું કે, 'અમે સમગ્ર રાજ્યમાં સૌ કોઈને બેંકિંગ સેવાઓ સુલભ થાય તેની ખાતરી કરી અમારી બેંકિંગ સેવાઓની વ્યાપક રેન્જને પૂરી પાડવા માટે કટિબદ્ધ છીએ. એક સામાજિક રીતે ઉત્તરદાયી કૉર્પોરેટ નાગરિક તરીકે એચડીએફસી બેંક લોકો અને પરિવારોના જીવનમાં અર્થપૂર્ણ પરિવર્તન લાવવા માટે તેની ભૂમિકા ભજવવા પર સમાન રીતે ધ્યાન આપી રહી છે. અમે સમુદાયોને આગળ વધારવા માટે જરૂરી સંસાધનો, તાલીમ અને માર્ગદર્શન આપવા માટે પણ કટિબદ્ધ છીએ.'

એચડીએફસી બેંક માર્ચ ૨૦૨૪માં પૂરાં થતાં નાણાકીય વર્ષ દરમિયાન દેશમાં સીએસઆર પાછળ સૌથી વધુ ખર્ચ કરનારોમાંથી એક હતી. ૩૧ માર્ચ, ૨૦૨૪ સુધીમાં બેંકે સમગ્ર દેશમાં તેની વિવિધ સીએસઆર પહેલ પર રૂ. ૯૪૫.૩૧ કરોડ ખર્ચ્યા હતાં. આ ઉપરાંત, માર્ચ ૨૦૨૪ સુધીમાં બેંકે સમગ્ર ભારતમાં સંચિત રીતે ૧૦.૧૯ કરોડથી વધારે લાભાર્થીઓ સુધી પહોંચીને તેનું પ્રભાવક્ષેત્ર પણ વિસ્તાર્યું છે.

### ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન

# માંગરોળનાં ચોટલીવીડી, ખોડાદા અને રૂદલપુર ખાતે આજે IEC કેમ્પ અને વિશેષ ગ્રામસભા યોજાશે

### અનુસૂચિત જનજાતિ સમાજના લોકોને કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપવા વિશેષ પ્રયાસો હાથ ધરાશે

જૂનાગઢ તા.૧૫

ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાનાં ચોટલીવીડી, ખોડાદા અને રૂદલપુર ખાતે IEC કેમ્પનું અને વિશેષ ગ્રામસભાનું તા.૧૫/૧૧/૨૦૨૪ નાં રોજ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અલગ-અલગ વિભાગો દ્વારા આધાર એનરોલ્મેન્ટ, પી.એમ.જનધન યોજના, કિસાન સન્માન નિધિ યોજના, આયુષ્માન ભારત કાર્ડ વગેરે યોજનાકીય લાભો આપવામાં આવશે. તેમજ તા.૧૫/૧૧/૨૦૨૪થી ૨૬/૧૧/૨૦૨૪ સુધી ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત IEC કેમ્પેઈન અંતર્ગત અલગ-અલગ યોજનોનો લાભ પણ આપવામાં આવશે.

PM – JANMAN ની સફળતા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૦૨ ઓકટોમ્બર ૨૦૨૪ નાં રોજ હજારીબાગ, ઝારખંડ ખાતે ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાનની શરૂઆત કરી હતી. આ અભિયાન અંતર્ગત દેશનાં ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ, ૫૪૯ જિલ્લા અને ૨૭૪૦ બ્લોક્સમાં વસવાટ કરતાં ૫ કરોડ આદિવાસી લોકોને આરોગ્ય, શિક્ષણ અને જીવનધોરણમાં પરિવર્તન લાવવા માટે ૧૭ મંત્રાલયો અને લાઈન ડીપાર્ટમેન્ટ દ્વારા ૨૫ અલગ-અલગ યોજનાઓનો લાભ ગ્રામ્ય કક્ષાએ પહોચાડવાનો ઉદ્દેશ છે.

વડાપ્રધાનશ્રી બિહારના જમુઈ ખાતે ૧૫ નવેમ્બર ૨૦૨૪ના રોજ, જનજાતિય ગૌરવ દિવસ નિમિતે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (સ્-ત્નછદ્રસ્છદ્ર) ની પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરશે અને તા.૧૫/૧૧/૨૦૨૪થી ૨૬/૧૧/૨૦૨૪ દરમિયાન યોજાનારા ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અંતર્ગત IEC (Information, Education, Communication) કેમ્પેઈનને લોન્ચ કરશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# કોડીઓના ભાવે વેચાય છે લોકોનો ડેટા

સાઈબરની આભાસી દુનિયામાં ડિજિટલ અરેસ્ટ જેવી ઠગાઈ અને સાઈબર અપરાધોને કપટ વેશમાં લાખો મારીચ અંજામ આપી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતમાં જનતાને ચેતવતાં અટકો, વિચારો અને એક્શન લો એવા બહુમૂલ્ય મંત્રનું પાલન કરવાનું આહ્વાન કર્યું છે. ડિજિટલ અરેસ્ટના મોટાભાગના કેસોમાં મની લોન્ડરિંગ, એનડીપીએસ એક્ટના કડક કાયદાની આડમાં ધરપકડ કે દંડનો ભય દેખાડીને ભણેલા-ગણેલા, કાયદાના જાણકાર અને સંપન્ન લોકોને ઠગાઈની જાળમાં ફસાવવામાં આવે છે. કેટલીય વાર બેંક ખાતામાં પૈસા નહીં હોવા પર એપ ડાઉનલોડ કરાવીને ઠગ લોકો ડિજિટલ લોન અપાવે છે. તેથી જનતાને જાગૃત કરવાની સાથે જ રાજ્યોની પોલીસ, કેન્દ્ર સરકાર, રિઝર્વ બેંક અને ટેક કંપનીઓને પણ કાયદા સંમત કાર્યવાહી કરીને અર્થવ્યવસ્થા અને સમાજને સુરિક્ષત રાખવાની જરૂર છે. હેલ્પલાઇન ૧૯૩૦માં નોંધાતી ફરિયાદો, બેંક અને ઈકોમર્સમાં છેતરપિંડી, ક્રિપ્ટો અને ઓનલાઈન ગેમિંગ કૌભાંડ, ડિજિટલ અરેસ્ટ અને સેક્સ્ટોર્શન જેવા વધી રહેલા સાઈબર અપરાધોના સમાચારોથી સ્પષ્ટ છે કે સાઈબર અપરાધનો ક ટકાથી ઓછા કેસો પોલીસ રેકોર્ડમાં નોંધાઈ રહ્યા છે. ત્રણ નવા અપરાધિક કાયદાઓ અનુસાર સાઈબર અપરાધ સાથે જોડાયેલ તમામ કેસોમાં પોલીસ ફરિયાદ નોંધાવી જોઈએ.

ડિજિટલ અરેસ્ટ સાથે જોડાયેલા કેસોનું નેટવર્ક વિદેશો સાથે કેટલાય રાજ્યોમાં ફેલાયેલું છે. તમિલનાડુ પોલીસની સાઈબર ક્રાઈમ વિંગે ડિજિટલ અરેસ્ટના કેસોમાં ચંડીગઢ અને પંજાબથી અપરાધીઓની ધરપકડ કરી છે. એ જ રીતે પંજાબમાં વર્ધમાન ગ્રુપના ચેરમેન સાથે થયેલ ઠગાઈના કેસના તાર અસમ સાથે જોડાયેલા હતા. ઠગાઈનો કેસ ૩ અઠવાડિયાથી જૂનો છે, તેમ છતાં આરોપીઓ પાસેથી ૫.૨૫ કરોડ રૂપિયાની જપ્તી થવી પોલીસની મોટી ઉપલબ્ધિ જ ગણવી જોઈએ. ઠગો પાસેથી જપ્ત ૫.૨૫ કરોડની રકમ કેટલાય લોકો પાસેથી ઠગાયેલી હોઈ શકે છે, તેથી જપ્ત પૈસાની વાપસી માટે પોલીસની ચાર્જશીટ બાદ એસપી ઓસવાલ અને અન્ય પીડિતોએ અદાલતોમાં અરજી લગાવવી પડશે. પોલીસ રાજ્યોનો વિષય છે પરંતુ બંધારણની સાતમી અનુસૂચિ અનુસાર સાઈબર સાથે જોડાયેલ કેસો કેન્દ્ર સરકારને આધીન છે. ઠગો પાસે પીડિત લોકોના આધાર, પાન અને બેંક ખાતાની વિગતો આસાનીથી ઉપલબ્ધ છે. ઈમેલ અને કોલ દ્વારા ગતિવિધિઓને ટ્રેક કરનારાં સોફ્ટવેરને મોબાઈલ ફોનમાં ઈન્સ્ટોલ કરીને બુઝુર્ગ અને મહિલાઓને આતંકિત કરીને સાઈબર અપરાધી ઠગાઈને અંજામ આપે છે.

ડેટા સુરક્ષા કાયદા સંસદથી પસાર થવા છતાં તેની સાથે જોડાયેલ નિયમ લાગુ ન થવાને કારણે જનતાનો અંગત અને ગોપનીય ડેટા કોડીઓના ભાવે લિલામ થઈ રહ્યો છે. ડેટા સુરક્ષાના નિયમોને યોગ્ય રીતે લાગુ કરવા જોઈએ. ડેટા વેચાણ પર રોક લગાવવી જોઈએ. તેનાથી સાઈબર અપરાધોમાં ઘણો ઘટાડો થશે. કેન્દ્ર સરકારે નવા આદેશમાં કહ્યું છે કે ઈન્ટરનેટ મીડિયા માટે અધિકારી સરકારી ઈમેલનો ઉપયોગ ન કરે અને સરકારી કામકાજ માટે એનઆઈસીના ઈમેલનો ઉપયોગ કરે. એ જ રીતે ડેટા સુરક્ષાના કાયદાને લાગુ કરવાની જરૂર છે.

ડિજિટલ અરેસ્ટ જેવા અપરાધોને અંજામ આપવા માટે બનાવટી રીતે સિમ કાર્ડ લેવાની સાથે નકલી બેંક ખાતાં ખોલવામાં આવે છે. જે લોકોને ઠગાઈનો શકાર બનાવવામાં આવે છે, તેના પાન કાર્ડ, આધાર કાર્ડ સહિત કેટલાય અન્ય ડેટા ગેરકાનૂની રીતે મેળવી લેવાય છે. તેમના ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરાવવામાં આવે છે. કેટલીય વાર ક્રિપ્ટો કે ગેમિંગ એપના માધ્યમથી હવાલા દ્વારા પૈસાના બહાર મોકલવામાં આવે છે. પોલીસ માટે સૌથી મોટી મુશ્કેલી એ છે કે તેમનું જે સિમ કાર્ડ છે, તેમાં કોઈ બીજું એડ્રેસ છે, બેંક એકાઉન્ટ પર કોઈ બીજું એડ્રેસ છે. ઠગાઈ કરનારાનું લોકેશન કંઈક જુદું જ છે. ભારતમાં કોલ સેન્ટરના માધ્યમથી આ સંગઠિત અપરાધને અંજામ અપાઈ રહેય છે. મોટાભાગની બાબતોમાં સરકારી ખાતાં ગણાવીને જે ખાતાંમાં પૈસા ટ્રાન્સફર કરાવે, તે સામાન્ય લોકોના બેંક ખાતાં છે, જ્યાંથી પૈસા બીજા ખાતામાં ચાલ્યા જાય છે. કાર્યવાહીમાં વિલંબથી સાઈબર ઠગાઈની રકમ ક્રિપ્ટો, ગેમિંગ એપ કે હવાલા દ્વારા વિદેશ ટ્રાન્સફર થઈ જાય છે.

# ધરતી પર ૨૪ કલાક સૌર ઉર્જા મળી શકે તેને માટે વૈજ્ઞાનિકોએ અંતરીક્ષમાં સોલર પૈનલ મોકલ્યું

કૈલિફોર્નિયા :

ધરતી પર ૨૪ કલાક સૌર ઉર્જા મળી શકે તેને માટે વૈજ્ઞાનિકોએ અંતરીક્ષમાં સોલર પૈનલ મોકલ્યું છે. તેઓને તેમાં સફળતા પણ મળી છે. પહેલી વાર અંતરિક્ષમાં મોકલવામાં આવેલ સૌર ઊર્જા પૃથ્વી પર આવી છે. વૈજ્ઞાનિકો એ જાન્યુઆરી-૨૦૨૩ એ ''મૈપલે'' નામનું સ્પેસક્રાફ્ટ પૃથ્વીની કક્ષામાં છોડ્યું હતું. તેમાં સોલર પૈનલ લાગ્યા હતા, જે અંતરીક્ષના તાપમાનને સોલર રેડીએશનને ઝીલી શકે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, અંતરીક્ષમાં લગાવવામાં આવનાર સોલર પૈનલ પૃથ્વી પર હયાત પૈનલ્સની સરખામણીમાં આઠ ઘણી વધુ સૌર ઉર્જા આપી શકે છે. ટૂંકમાં હવે અંતરીક્ષમા સિધ્ધિ ફોટોવોલ્ટિક ઉર્જાનું ઉત્પાદન કરવું અને પછી તેને પૃથ્વી પર ઉપયોગને માટે મોકલવું યુરોપીય અંતરિક્ષ એજન્સીની સોલારિસ યોજનાનુ કેન્દ્ર બિંદુ છે, તેમાં આપણે પણ સામેલ છીએ. પહેલું મુખ્ય લક્ષ્ય ૨૦૩૦ સુધી ૧ મેગાવોટ વીજળી સંયંત્રને કક્ષામાં સ્થાપિત કરવાનો છે. અંતરિક્ષ આધારિત સૌર ઉર્જા ૬૦ થી વધુ વર્ષોથી હયાત છે.

# આગામી ૩૦મી નવેમ્બરથી ૮મી ડિસેમ્બર સુધી સંયુક્ત આરબ અમીરાત(UAE)માં યોજાનાર ACC મેન્સ U19 એશિયા કપ ૨૦૨૪ માટે ભારતની U19 ટીમ અને સમયપત્રક જાહેર

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૫

જુનિયર પસંદગી સમિતિએ આગામી ૫૦-ઓવરના ACC મેન્સ U19 એશિયા કપ ૨૦૨૪ માટે ભારતની ૧૫-સભ્યની U19 ટીમની પસંદગી કરી છે, જે સંયુક્ત આરબ અમીરાત (UAE)માં યોજાશે. ભારત U19, સ્પર્ધાની સૌથી સફળ ટીમ, જેણે આઠ વખત ટુર્નામેન્ટ જીતી છે, તેને ગ્રુપ છમાં રાખવામાં આવી છે, જેમાં પાકિસ્તાન U19, જાપાન U19 અને યજમાન UAE U19 પણ છે. બીજી તરફ, ગ્રુપ બી, અફઘાનિસ્તાન U19, બાંગ્લાદેશ U19, નેપાળ U19 અને શ્રીલંકા U19 દ્વારા બનાવવામાં આવ્યું છે. ટુર્નામેન્ટ પહેલા, ભારત અંડર ૧૯ બાંગ્લાદેશ અંડર ૧૯ સામે ૨૬મી નવેમ્બરે શારજાહમાં પ્રેક્ટિસ મેચ રમશે. ભારત U19 ૩૦મી નવેમ્બરે દુબઈમાં પાકિસ્તાન U19નો સામનો કરીને તેમના અભિયાનની શરૂઆત કરશે. ત્યારબાદ ભારત શારજાહમાં અનુક્રમે ૨જી નવેમ્બર અને ૪થી નવેમ્બરે જાપાન U19 અને UAE U19 સામે ટકરાશે. ભારતની U19 ટીમમાં આયુષ મ્હાત્રે, વૈભવ સૂર્યવંશી, સી આન્દ્રે સિદ્ધાર્થ, મોહમ્મદ અમાન(C), કિરણ ચોરમલે(VC), પ્રણવ પંત, હરવંશ સિંહ પંગાલિયા(WK), અનુરાગ કાવડે(WK), હાર્દિક રાજ, મો. ઈનાન, કેપી કાર્તિકેય, સમર્થ નાગરાજ, યુધાજીત ગુહા, ચેતન શર્મા, નિખિલ કુમાર રહેશે. નોન-ટ્રાવેલિંગ રિઝર્વમાં સાહિલ પારખ, નમન પુષ્પક, અનમોલજીત સિંઘ, પ્રણવ રાઘવેન્દ્ર, ડી. દિપેશ રહેશે.

ભારત U19 ફિક્સર - ACC મેન્સ U19 એશિયા કપ 2024

| ક્ર. | તારીખ | દિવસ | સમય | મેચ | સ્થળ |
|---|---|---|---|---|---|
| 1 | 30મી નવેમ્બર '24 | શનિવાર | 10.30 AM IST | ભારત U19 vs પાકિસ્તાન U19 | દુબઈ |
| 2 | 2જી ડિસે '24 | સોમવાર | 10.30 AM IST | ભારત U19 વિ જાપાન U19 | શારજાહ |
| 3 | 4થી ડિસે '24 | બુધવાર | 10.30 AM IST | ભારત U19 વિ UAE U19 | શારજાહ |
| 4 | 6ઠ્ઠી ડિસે '24 | શુક્રવાર | 10.30 AM IST | સેમી-ફાઇનલ 1 | દુબઈ |
| 5 | 6ઠ્ઠી ડિસે '24 | શુક્રવાર | 10.30 AM IST | સેમી-ફાઇનલ 2 | શારજાહ |
| 6 | 8મી ડિસે '24 | રવિવાર | 10.30 AM IST | અંતિમ | દુબઈ |

# ખંભાળિયા નજીક અકસ્માતમાં વળતર ક્લેમ કેસમાં ટ્રેક્ટર વાહન ચાલકને દોષમુક્ત કરતી ખંભાળિયાની અદાલત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયા તાલુકાના કોટા ગામે રહેતા સૈયદ રેશમાબેન મોહમદ યુસુફ સીરાજી તારીખ ૬-૬-૨૦૨૧ ના રોજ કોટા ગામેથી ઉપલેટા જવા માટે પોતાના પતિ તેમજ સંતાનો સાથે મોટરસાયકલમાં નીકળ્યા હતા. ત્યારે જામજોધપુરના માર્કેટિંગ યાર્ડ પાસેથી પસાર થતાં એક ટ્રેક્ટરના ચાલક મગનભાઈ ગંગદાસભાઈ બાકોરીના ટ્રેક્ટર સાથે તેમનું મોટરસાયકલ અથડાયું હતું. જેના કારણે અરજદાર રેશમાબેનને નાની-મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. જે અંગે વીમા કંપની પાસેથી રૂપિયા પાંચ લાખ મેળવવા માટેનો ક્લેમ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ ખંભાળિયાના મોટર એકસીડન્ટ ટ્રિબ્યુનલ સમક્ષ ચાલી જતા અરજદાર પક્ષે તેમના ક્લેમની અરજીમાં દર્શાવેલી હકીકતો સાબિત કરવામાં નિષ્ફળ થતાં સામાવારાના તરફેણમાં કરવામાં આવેલી દલીલો તેમજ હાઈકોર્ટના ચુકાદાઓ એડવોકેટ પ્રતીક એમ. જોશી દ્વારા રજૂ કરવામાં આવતા મગનભાઈ બાકોરી તથા વીમા કંપનીને આ ક્લેમ કેસમાંથી દોષ મુક્ત કરવાનો હુકમ કર્યો છે. સાથે આ અકસ્માત અરજદાર મહિલાના પતિની બેદરકારીથી બનવા પામ્યો હોવાનું જણાવી, તેમને રૂા.૩,૩૯,૮૮૮ નું ૬ ટકા વ્યાજ સાથે વળતર ચૂકવવા પણ નામદાર પ્રિન્સિપાલ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા હુકમ કરાયો છે.

# ખંભાળિયા પાલિકાના પૂર્વ પ્રમુખ ગોકાણી પરિવાર દ્વારા ગુરૂવારથી શ્રીમદ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન

## તા.૨૧ થી ૨૮ નવેમ્બર સુધી અનેકવિધ ધર્મમય કાર્યક્રમો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને વર્તમાન સદસ્ય જયેશભાઈ ગોકાણી પરિવાર દ્વારા આગામી ગુરૂવાર તા.૨૧ થી તા.૨૮ નવેમ્બર સુધી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અહીંના જાણીતા વેપારી સ્વ. મણીલાલ થાવરદાસ ગોકાણી તેમજ સ્વ. ગોદાવરીબેન મણીલાલ ગોકાણી પરિવારના જયેશભાઈ મણીલાલ ગોકાણી તેમજ અશોકકુમાર થાવરદાસ ગોકાણી દ્વારા સર્વ પિતૃઓના મોક્ષાર્થે અત્રે "નંદધામ", જુની લોહાણા મહાજન વાડી ખાતે ગુરૂવાર તા.૨૧ થી તા.૨૮ નવેમ્બર સુધી યોજવામાં આવેલી ભાગવત સપ્તાહમાં જાણીતા કથાકાર શાસ્ત્રી પૂજ્ય ચંદ્રેશભાઈ શાસ્ત્રીજી (પોરબંદર વાળા) બીરાજીને કથામૃતનું રસપાન કરાવશે. કથાના પ્રારંભે ગુરૂવારે સવારે ૧૦ વાગ્યે અહીંની મહાપ્રભુજીની બેઠકજી ખાતેથી પોથીયાત્રાનો પ્રારંભ થશે. જે બપોરે ૧૨ વાગ્યે કથા સ્થળે પહોંચશે. અહીં પ્રથમ દિવસે સેવાકુંજ હવેલી વાળા પૂજ્ય શ્રી માધવી વહુજી પધારશે. આ દિવસે ગોરણી જમણનું પણ આયોજન થયું છે. ભાગવત કથામાં શુક્રવારે કપિલ પ્રાગટ્ય, રવિવાર તા. ૨૪ ના રોજ સારસ્વત બ્રહ્મભોજન, સાંજે રસોત્સવ, સોમવાર તા. ૨૫ ના રોજ સાંજે નૃસિંહ પ્રાગટ્ય, વામન જન્મ, શ્રી રામ પારાયણ અને સાંજે શ્રીકૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મંગળવારે ગોવર્ધન ઉત્સવ અને માળા પહેરામણી બાદ રાત્રે લોક ડાયરો યોજાશે. જેમાં પોરબંદરના પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વસંતરાયજી મહારાજ ખાસ ઉપસ્થિત રહેશે. બુધવારે રૂક્ષ્મણી વિવાહ સહિતના જુદા જુદા ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ પ્રસંગે દરરોજ સવારે ૯:૩૦ થી ૧૨:૩૦ તેમજ સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી કથા શ્રવણનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને આયોજકો અશોકભાઈ ગોકાણી તેમજ જયેશભાઈ ગોકાણી પરિવાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયા : પાલિકાના સફાઈ કામદારનું અવસાન થતાં પરિવર્તનને સહાય અપાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

ખંભાળિયા નગરપાલિકાના સફાઈ કામદારોએ તેઓના વિવિધ પડતર પ્રશ્નો અને માંગણીઓના મુદ્દે તાજેતરમાં નગરપાલિકા સામે ૧૮ દિવસ સુધી હડતાળ અને ઉપવાસ આંદોલન કર્યું હતું. જેમાં કામદારોના ૧૧ જેટલા પ્રશ્નો અને માંગણીઓ પૈકીની એક માંગણી હતી કે નગરપાલિકાના કોઈ પણ અધિકારી કે કર્મચારીના ચાલુ નોકરી દરમ્યાન અવસાનના કિસ્સામાં મૃતક કર્મચારીના પરિવારને આર્થિક મદદના ભાગરૂપે એક સમાન ધોરણે રૂા.૫૧,૦૦૦ ની ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવામાં આવે. આ અંગે આંદોલનની સમાધાનની શરતમાં નગરપાલિકાના અધિકારી કે કર્મચારીના ચાલુ ફરજ દરમ્યાન અવસાનના કિસ્સામાં નાણાકીય આર્થિક સહાય ચૂકવવા અંગે નગરપાલિકાની આગામી સામાન્ય સભામાં નિર્ણય લઈને તે મુજબ અમલ કરવામાં આવશે તેવું નકકી કરાયું હતું. સફાઈ કામદારોની આ હડતાળના સમય દરમ્યાન દીવાળીના તહેવારો આવી જતા દીપોત્સવીના પર્વને અનુલક્ષીને સફાઈ કામદારો દ્વારા શહેરમાં રાત્રી સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જે દરમ્યાન મોડી રાત્રે એક સફાઈ કામદારનું હાર્ટ એટેકના કારણે અવસાન થયું હતું. મૃતક સફાઈ કામદારના પરિવારની દયાજનક પરિસ્થિતી અને મહામંડળની રજુઆતને ધ્યાને લઈને નગરપાલિકા દ્વારા સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ મૃતક સફાઈ કામદારના પરિવારને રૂપિયા ૫૧,૦૦૦ નો ચેક અર્પણ કરી, માનવીય અભિગમનું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. જેથી ગુજરાત સફાઈ કામદાર મહામંડળના પ્રદેશ મહામંત્રી રમેશ વાઘેલાએ નગરપાલિકાના પ્રમુખ, ચીફ ઓફિસર તેમજ હોદ્દેદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખેડૂતોની યુનિક ફાર્મર આઈ-ડી મેળવવા માટે નોંધણી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૫

રાજ્યમાં 'ડિજિટલ પબ્લિક ઈન્ફાસ્ટ્રક્ચર ફોર એગ્રીકલ્ચર'ના ભાગ રૂપે 'એગ્રિસ્ટેક પ્રોજેક્ટ' અમલમાં મૂકવામાં આવ્યો છે. જેમાં ઘટકરૂપે ફાર્મર રજીસ્ટ્રીનો સમાવેશ કરાયો છે. ફાર્મર રજીસ્ટ્રી હેઠળ રાજ્યના તમામ ખેડૂતોની આધાર લીંક સાથે રજીસ્ટ્રી તૈયાર થશે તેમજ દરેક ખાતેદારને આધાર કાર્ડની માફક એક ૧૧ અંકનો યુનિક બેનીફીશીયરી આઈ-ડી આપવામાં આવશે. ફાર્મર રજીસ્ટ્રેશન કરાવવા માટે ખેડૂતોએ આધાર કાર્ડ અને તેની સાથે લીંક કરેલો મોબાઈલ નંબર, ૭-૧૨, ૮/અ વિગત સાથે ગ્રામપંચાયત કચેરીએ વી.સી.ઈ. તથા તલાટીનો સંપર્ક કરવા દેવભૂમિ દ્વારકા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

આ આઈ.ડી. થકી યોજનાઓના આયોજન, લાભાર્થીઓની ચકાસણી અને કૃષિ પેદાશોના વેચાણ અને વ્યવસ્થા સરળ બનશે. રાજ્ય સરકાર દ્વારા કૃષિ લગત વિવિધ યોજનાઓનો લાભ ખેડૂતોને સરળ, પારદર્શક અને સમયસર મળી શકશે. ખેતીવાડી યોજનાઓ હેઠળ અથવા અન્ય હેતુઓ માટે ખેડૂતની ઓળખ અને પ્રમાણપત્રની સુવિધા મળશે. કૃષિ સેવાઓ જેવી કે કૃષિ ધિરાણ, ઈનપુટસ અને અન્ય સેવાઓ ખેડૂત સુધી પહોચાડવામાં મદદ મળશે. કૃષિ અને સંલગ્ન વિભાગોની વિવિધ યોજનાના સંકલનથી ખેડૂતોને વધુ ઝડપી અને ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડી શકાશે. વધુમાં પી.એમ. કિસાન, કિસાન ક્રેડીટ કાર્ડ, લઘુતમ ટેકાના ભાવ, પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, સોઈલ હેલ્થ કાર્ડ, ફાર્મ લોન યોજનાનો લાભ લેવા માટે ફાર્મર રજીસ્ટ્રી થયા બાદ મળેલ યુનિક નંબર મદદરૂપ થશે.

## પેન્શનધારકો માટે રાહતના સમાચાર

# હવે પેન્શનધારકો તેમના નજીકના ડાકઘરના પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકની મદદથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ મેળવી શકશે : પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવ



## ૩૦ નવેમ્બર સુધી ચાલનારા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ અભિયાન અંગે રાજકોટ હેડ પોસ્ટઓફિસમાં શિબિર યોજાઈ

રાજકોટ તા.૧૫

રાજકોટ હેડ પોસ્ટઓફિસમાં સૌરાષ્ટ્ર અને કચ્છ પરીક્ષેત્ર, રાજકોટના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવના અધ્યક્ષસ્થાને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ શિબિર યોજાઈ હતી. જેમાં શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું હતું કે હવે પેન્શનધારકોને હયાતીનુ પ્રમાણપત્ર રજૂ કરવા માટે કોઈ ટ્રેઝરી, બેંક અથવા અન્ય કોઈ વિભાગમાં જવાની જરૂર નથી. પેન્શનધારકો તેમના નજીકના ડાકઘરના પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકની મદદથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ મેળવી શકે છે. આ માટે માત્ર ૭૦ રૂપિયા ફી નિર્ધારિત કરવામાં આવી છે. આ પ્રમાણપત્ર આપમેળે સંબંધિત વિભાગને ઓનલાઈન પહોંચી જશે. આથી, પેન્શન મળવામાં કોઈ અડચણ નહીં થાય. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના માધ્યમથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના તમામ વિભાગોના પેન્શનધારકોને ઘરે બેઠા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ પ્રદાન કરવાની સુવિધા આપવામાં આવી રહી છે. ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ ઝુંબેશ ૩.૦ મોટા પાયે ૩૦મી નવેમ્બર સુધી ચાલશે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે ૨૦૨૦માં કેન્દ્ર, રાજ્ય અને કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થાના પેન્શનધારકો માટે જીવન પ્રમાણ જનરેટ કરવા માટે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટની ડોરસ્ટેપ સેવા શરૂ કરી હતી, જે પેન્શન અને પેન્શનરોના કલ્યાણ વિભાગ અને નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરના સમન્વયમાં છે. આ પહેલનો ઉદ્દેશ ફેસ ઑથેન્ટિકેશન (ચેહરા પુષ્ટિ) ટેકનિક અને ફિંગરપ્રિન્ટ બાયોમેટ્રિક ઑથેન્ટિકેશનની ડિજિટલ પ્રક્રિયાનો ઉપયોગ વધારવાનો છે. જેથી, પેન્શનરો, ખાસ કરીને દૂરદૂરના વિસ્તારોમાં રહેતા લોકોને અનુકૂળ સેવાઓ મળી શકે. પેન્શનધારકો આ સુવિધાનો લાભ મેળવવા માટે પોતાના વિસ્તારના પોસ્ટમેન સાથે તેમજ પોસ્ટ ઈન્ફો મોબાઈલ એપ (https://ccc.cept.gov.in/ServiceRequest/request.aspx) દ્વારા ઓનલાઈન અનુરોધ કરી શકે છે. આ માટે પેન્શનરને આધાર નંબર, મોબાઈલ નંબર, બેંક અથવા પોસ્ટ ઓફીસ બચત ખાતા નંબર અને પી.પી.ઓ. નંબર આપવો પડશે. પ્રમાણપત્ર જનરેશન પ્રક્રિયા પૂર્ણ થયા પછી, પેન્શનરને તેમના મોબાઈલ નંબર ઉપર એક પુષ્ટિકરણ એસ.એમ.એસ. પ્રાપ્ત થશે અને પ્રમાણપત્રને https://jeevanpramaan.gov.in/ppouser/login ઉપર આગામી દિવસ પછી ઓનલાઈન જોઈ શકાશે, તેમ તેમણે ઉમેર્યું હતું. નોંધનીય છે કે પેન્શનધારકોએ દર વર્ષે સામાન્ય રીતે નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં ટ્રેઝરી, બેંક અથવા સંબંધિત વિભાગમાં હયાતીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. આ માટે દૂરદૂરના વિસ્તારોમાં રહેતા પેન્શનરોને ટ્રેઝરીમાં જવામાં ઘણી વખત મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે અને મુસાફરીમાંપણ ઘણો ખર્ચ થતો હોય છે. આવી સ્થિતિમાં પોસ્ટ વિભાગની આ પહેલ પેન્શનધારકોને ઘણી સુવિધા આપશે. તે સાથે જ પેન્શનધારક પોસ્ટમેનના માધ્યમથી ઘરે બેઠા પેન્શનની રકમ આધાર ઈનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમ દ્વારા પોતાના બેંક ખાતાથી મેળવી શકે છે. આ અવસરે રાજકોટ મંડળના પ્રવર અધિક્ષક ડાકઘર એસ. કે. બુનકર, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના વરિષ્ઠ મેનેજર સંદીપ મૌર્ય અને સિનિયર પોસ્ટમાસ્ટર, રાજકોટ અભિજીત સિંહ ઉપસ્થિત રહ્યા હતાં.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સૌ સાથે વેર બાંધો પરંતુ પડોશી સાથે કદાપી વેર ન બાંધો..

- ઈમર્સન

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક સુદ-૧૫ દેવદિવાળી, કાર્તિક પૂર્ણિમા, ત્રિપુરારી પૂર્ણિમા, પુષ્કરનો મેળો, તુલસી વિવાહ સમપ્તિ, ભીષ્મ પંચક વ્રત સમાપ્તિ તા.૧૫ નવેમ્બર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૧૨, ભરણી નક્ષત્ર, વ્યતિપાત યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૦૬, સૂ.અ.૬:૦૫

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), પરોઢે ૩:૧૬ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મુંઝવણમાંથી માર્ગ મળે, કાર્યબોજ હળવો થાય, નાણાંકીય લાભ મળે.
વૃષભ: વાદવિવાદથી દૂર રહેવું, અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
મિથુન: સંતાન અંગેની ચિંતા દૂર થાય, આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક: નવિન લાભની તક સાંપડશે, નવા આર્થિક આયોજનોને સફળતાથી પાર પાડી શકશો.
સિંહ: વ્યવસાયિક કાર્યોમાં સફળતા મળે, પારિવારીક જીવનમાં આનંદ રહે.
કન્યા: અગત્યના કાર્યમાં રૂકાવટ આવે, આરોગ્ય બાબતે ચિંતા અનુભવી શકાય.
તુલા: મનની મુરાદ બર ન આવે, કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે.
વૃશ્ચિક: પ્રિયજન સાથે ચકમક ઝરે, મનમાં મૂંઝવણ રહે.
ધન: માનસિક શાંતિમાં વધારો થાય, કાર્યક્ષેત્રમાં યશની પ્રાપ્તિ થાય.
મકર: આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે, પડવાકજ-વાગવાથી સંભાળવું.
કુંભ: નવિન શુભ સમાચાર મળે, સામાજિક ક્ષેત્રે માન-પ્રતિષ્ઠામાં વધારો થાય.
મીન: પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ નીવળે, ગૃહવિવાદ અંગે સંભાળવું.

# માત્ર ૧૦૦ રૂપિયા પ્રીમિયમ ચૂકવીને પશુને વીમા કવચથી સુરક્ષિત કરી શકાશે



અમદાવાદ, તા.૧૫

ગુજરાતના પશુપાલકોના વ્યાપક હિતને ધ્યાને લઈ રાજ્ય સરકારે ચાલુ વર્ષે રૂ.૨૩ કરોડની બજેટ જોગવાઈ સાથે “પશુધન વીમા સહાય યોજના” અમલમાં મૂકી છે. પશુમૃત્યુના સંજોગોમાં પશુપાલકોને થતા આર્થિક નુકશાન સામે રક્ષણ પૂરૂં પાડવાના આશયથી રાજ્ય સરકારે આ યોજના અમલમાં મૂકી છે. આ યોજનાનો લાભ મેળવીને ગુજરાતનો પશુપાલક વીમાની રકમમાંથી નવુ પશુ ખરીદીને પશુપાલન વ્યવસાય ચાલુ રાખી શકશે, તેમ પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, પશુપાલકોને પશુ વીમા લેવા માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે ભારત સરકારના નેશનલ લાઈવસ્ટોક મિશન હેઠળ પણ પશુપાલકોને વીમા પ્રીમીયમમાં સબસીડી ચૂકવવામાં આવે છે. ભારત સરકારની સબસીડી બાદ પશુપાલકોના ભાગે આવતી વીમા પ્રીમિયમની શેષ રકમમાં ઘટાડો કરીને વધુ સહાય પૂરી પાડવા રાજ્ય સરકારે “પશુધન વીમા સહાય યોજના” અમલમાં મૂકી છે. ભારત સરકારના નેશનલ લાઈવસ્ટોક મિશન અને રાજ્ય સરકારની પશુધન વીમા સહાય યોજનાને વધુ અસરકારક બનાવવા માટે ગાંધીનગર ખાતે પશુપાલન મંત્રી રાઘવજી પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત પશુધન વિકાસ બોર્ડ અને ICICI લોમ્બાર્ડ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિ. વચ્ચે MoU કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પશુપાલન મંત્રીએ કહ્યું હતું કે, પશુધન વીમા યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક પશુપાલકો ઓનલાઈન અરજી કરી શકે તે માટે આગામી એક મહિના સુધી આઈ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. અરજી કરી હોય તેવા પશુપાલકો પૈકી પસંદ થયેલા પશુપાલકોને પ્રતિ લાભાર્થી ૧થી ૩ વેતરના હોય તેવા ગાય-ભેંસ વર્ગના મહત્તમ ૩ પશુઓ માટે આ સહાય આપવામાં આવશે. મંત્રીએ જણાવ્યું કે, આ યોજનાનો લાભ મેળવીને પશુપાલક વીમા કંપનીને પ્રતિ પશુ માત્ર રૂા.૧૦૦ પ્રીમીયમ ચૂકવીને પોતાના પશુઓને વીમાથી સુરક્ષિત કરી શકશે. જ્યારે, બાકીની શેષ પ્રીમીયમની રકમ સબસીડી પેટે સરકાર દ્વારા વીમા કંપનીને ચૂકવવામાં આવશે. પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના આશરે ૫૦,૦૦૦ જેટલા પશુઓને આ યોજના હેઠળ આવરી લેવાનું રાજ્ય સરકારે આયોજન કર્યું છે.

# નોકરીની શોધમાં આવેલા ઉત્તરપ્રદેશના ત્રણ મિત્રો સુરતમાં રેલવે ટ્રેક ક્રોસ કરતા સમયે ટ્રેન નીચે કચડાયા

અમદાવાદ, તા.૧૫

નોકરીની શોધમાં આવેલ ઉત્તરપ્રદેશના ત્રણ યુવકોનું સુરતમાં ટ્રેનની અડફેટે મોત નિપજ્યું છે. દિવાળીની ઉજવણી બાદ ત્રણેય મિત્રો ઉત્તર પ્રદેશથી રોજગારી મેળવવા સુરત આવ્યા હતા. ત્રણેય યુવકો યુપીના કાનપુરના રામપુરના રહેવાસી હતા. બે દિવસ પહેલાં જ સુરત આવ્યા હતા. શિવાંજલી સોસાયટીમાં રહેતા આકાશ, દીનું અને પ્રમોદ એક સાથે નોકરી કરવાના હતા. જોકે, તે પહેલાં રેલવે ટ્રેક ક્રોસિંગ કરતાં ટ્રેન અડફેટે તેમનું મોત નીપજ્યું હતું. દિવાળી પર્વની ઉજવણી બાદ સુરત રોજગાર મેળવવા માટે આવેલા ત્રણ મિત્રો સાથે માર્મિક ઘટના બની હતી. ઉત્તર પ્રદેશના કાનપુર જિલ્લાથી સુરત હજારો કિલોમીટર દૂર રોજગારી માટે આવેલા ત્રણેય મિત્રો એક સાથે નોકરી કરવા માગતા હતા, પરંતુ એક સાથે કાળને ભેટી ગયા હતા. રાત્રિ દરમ્યાન યુપીથી આવેલા ૨૨ વર્ષીય આકાશ નિષાદ, ૨૪ વર્ષીય દીનું નિષાદ અને ૧૭ વર્ષીય પ્રમોદ નિષાદ રેલવે ટ્રેક ઉપરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમ્યાન ત્યાંથી ટ્રેન પસાર થઈ રહી હતી. જેની જાણકારી આ લોકોને થઈ નહીં અને ત્રણેય મિત્રો ટ્રેનની અડફેટે આવી ગયા હતા. ત્રણેય મિત્રો એક સાથે સચિન વિસ્તારમાં આવેલા જરીના કારખાનામાં નોકરી નક્કી કરવા માટે જવાના હતા. પરંતુ તે પહેલાં જ રાત્રિ દરમ્યાન સચિન નજીક રેલવે ટ્રેક ઉપર તેઓ જ્યારે પસાર થઈ રહ્યા હતા, ત્યારે મોડી રાત્રે વડનગર-વલસાડ એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી ગયા હતા. ભેસ્તાન સચિન રેલવે ટ્રેક પાસે આ ઘટના બની હતી. રાત્રિ દરમ્યાન આશરે ૧૧:૩૦ વાગ્યે આ ટ્રેન ત્યાંથી પસાર થઈ રહી હતી. રેલવે ટ્રેક ક્રોસિંગ વખતે આ ઘટના બની હતી. ઘટના સ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. આ અંગતેમના પરિવારને જાણ કરવામાં આવી હતી. રેલવે પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. એક મિત્ર પ્રમોદની લાશ ટ્રેક નજીક આવેલા ઝાડી ઝાંખરામાં મળી આવી હતી. મળતી વિગતો અનુસાર નોકરી નહીં મળતો લોકો ફરીથી યુપી જવા માટે રવાના થયા હતા ત્યારે તેઓને અકસ્માત નડ્યો હતો. આ મામલે મૃતકના પરિચિતએ જણાવ્યું હતું કે, આ લોકો દિવાળી પર્વની ઉજવણી કર્યા બાદ સુરત આવ્યા હતા. આ લોકો નોકરી કરવા માટે સુરત આવ્યા હતા. બે ત્રણ દિવસ પહેલાં જ યુપીથી આવ્યા હતા.

## પ્રથમ વખત યુએઈ મિસ યુનિવર્સ સ્પર્ધામાં ભાગ લેવા માટે તૈયાર

અબુ ધાબી, તા.૧૫

સંયુક્ત આરબ અમીરાત (UAE) પ્રથમ વખત પ્રતિષ્ઠિત મિસ યુનિવર્સ સ્પર્ધામાં ભાગ લેવા માટે તૈયાર છે. મિસ યુનિવર્સ ઓર્ગેનાઈઝેશન (MUO)ના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પેજ ઉપર દેશની સહભાગિતાની જાહેરાત કરવામાં આવી હતી. ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં, પોપી કેપેલા, એક ઈન્ડોનેશિયન બિઝનેસવુમન, યુએઈ ફ્રેન્ચાઈઝી અને સાયપ્રસ માટે રાષ્ટ્રીય નિર્દેશક તરીકે નામ આપવામાં આવ્યું હતું, જે અગાઉ મિસ યુનિવર્સ ઈન્ડોનેશિયા અને મલેશિયાના રાષ્ટ્રીય નિર્દેશક તરીકે સેવા આપી ચૂકી છે. એમિલિયા ડોબ્રેવા, એક ફેશન મોડલ અને ત્રણ બાળકોની માતા, મેક્સિકો સિટી, મેક્સિકોમાં, ૧૬ નવેમ્બર શનિવારના રોજ ૭૩મી મિસ યુનિવર્સ સ્પર્ધામાં દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે તૈયાર છે. ખલીજ ટાઈમ્સ અહેવાલ અનુસાર, ડોબ્રેવા રાષ્ટ્રીય પોશાક રાઉન્ડ દરમ્યાન અબાયા પહેરશે. ડોબ્રેવા સૌંદર્ય સ્પર્ધાઓમાં નવી નથી. ઓક્ટોબરમાં, તેણીને મિસ યુનિવર્સ યુએઈનો તાજ પહેરાવવામાં આવ્યો હતો, તેણે અન્ય ચાર સ્પર્ધકોને હરાવી અને દેશ માટે એક મોટી સિદ્ધિ હાંસલ કરી હતી. ઈન્સ્ટાગ્રામ ઉપર, મિસ યુનિવર્સ યુએઈ સંસ્થાએ તેણીની સુઘડતા, બુદ્ધિમત્તા અને અન્યને સશક્ત બનાવવાના જુસ્સા માટે પ્રશંસા કરી, તેણીને પ્રેરણા ગણાવી. ૫ નવેમ્બર, મંગળવારના રોજ ઈન્સ્ટાગ્રામ ઉપર, ડોબ્રેવાએ યુએઈ સ્લેશ પહેરેલા પોતાના ફોટા શેર કર્યા અને લખ્યું, હું શેર કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છું કે મને અધિકૃત રીતે @missuniverse માટે યુએઈનો મારો સત્તાવાર ખિતાબ મળ્યો છે. માત્ર મારૂ જ નહીં પરંતુ વિશ્વભરની તમામ અવિશ્વસનીય મહિલાઓનું પ્રતિનિધિત્વ કરવું એ ખરેખર સન્માનની વાત છે. તેણીએ જણાવ્યું કે, તેને વધુ વિશેષ બનાવવા માટે, હું હવે સુંદર મેક્સિકોમાં છું. અહીંની ઉર્જા એકદમ અવિશ્વસનીય છે અને આ જીવંત સંસ્કૃતિનો અનુભવ કરવા બદલ હું ખૂબ આભારી છું કે મેં થોડું સ્પેનિશ (હોલા!) શીખવાનું પણ શરૂ કર્યું છે અને હું આ અદ્ભુત પ્રવાસ દરમ્યાન વધુ લોકો સાથે જોડાવા માટે ઉત્સાહિત છું. ૨૦૨૩માં, ઉંમર, ઊંચાઈ, વજન અને વૈવાહિક સ્થિતિ પરની તમામ મર્યાદાઓ હટાવવામાં આવી હતી. મિસ યુનિવર્સ સૌંદર્ય સ્પર્ધાના નિયમો મૂળરૂપે અપરિણીત મહિલાઓ અને ૧૮ થી ૨૮ વર્ષની વયના બાળકો વગરની મહિલાઓને સ્પર્ધા કરવાની મંજૂરી આપે છે, જેમાં વિજેતાઓને સિંગલ રહેવા અને ગર્ભાવસ્થાને રોકવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. હાર્પર બઝાર વિયેતનામ અનુસાર, મોડલનો ઉછેર લંડનમાં થયો હતો, તે પહેલાં તેના પરિવાર સાથે યુએઈમાં સ્થળાંતર થયું હતું. ડોબ્રેવાએ ૧૩ વર્ષની ઉંમરે મોડલિંગ શરૂ કર્યું હતું અને ન્યુયોર ફેશન વીક, ચેંગડુ બ્યુટી સ્પર્ધા, દુબઈ ફેશન વીક અને રિયાધ ફેશન વીક સહિત વિશ્વભરની ફેશન ઈવેન્ટ્સમાં કેટવોક કર્યું હતું. ડોબ્રેવાને તેના ઉત્કૃષ્ટ પ્રદર્શનની માન્યતામાં મિસ વર્લ્ડ ૨૦૧૬નો તાજ પહેરાવવામાં આવ્યો હતો. તેણીએ અનુક્રમે ૨૦૧૯ અને ૨૦૨૦માં ચીનના ચેંગડુમાં મિસ ફ્રેન્ડશીપ ઈન્ટરનેશનલ અને મિસ ટેલેન્ટવિનરનો ખિતાબ મેળવ્યો હતો.

## બાલમંદિરની નોંધણી માટે સંચાલકોને પોતાની રીતે નિર્ણય કરવા મંડળનો આદેશ

અમદાવાદ, તા.૧૫

રાજયમાં બાલમંદિરની નોંધણીને લઈને એક વર્ષની મુદત અપાઈ હતી, જે હવે પુર્ણતાના આરે છે. ત્યારે સંચાલક મંડળ દ્વારા સંચાલકોને પોતાની રીતે મીટિંગ બોલાવી નોંધણી અંગેનો નિર્ણય લેવા આદેશ કર્યો છે. અગાઉ નોંધણીના નિયમોને લઈને સંચાલકોમાં રોષ જોવા મળ્યો હતો અને તેના પગલે સંચાલક મંડળ દ્વારા પ્રિ-સ્કૂલોની નોંધણી ન કરાવવા માટે આદેશ કર્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત સરકારે ગુજરાતમાં ચાલી રહેલા બાલ મંદિરો, પ્રાથમિક સંલગ્ન બાલમંદિરો, પ્રાથમિક અને માધ્યમિક સંલગ્ન બાલમંદિર તેમજ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સંલગ્ન બાલ મંદિરો આ તમામને રાજ્ય સરકારમાં નોંધણી કરાવવા માટે ૧ વર્ષનો સમય આપેલો છે, જે હવે પૂર્ણ થવાને આરે છે. બાલમંદિરની નોંધણીને લઈને શિક્ષણ વિભાગ દ્વારા નિયમો બનાવવામાં આવ્યા હતા. જેની સામે સંચાલક મંડળે વાંધો રજૂ કર્યો હતો અને સંચાલકો દ્વારા બાલમંદિરની નોંધણી ન કરાવવા માટે સંચાલકોને જણાવાતા રાજ્યમાં અત્યાર સુધી નહીવત સંખ્યામાં બાલમંદિરોની નોંધણી થઈ હોવાનું જાણવા મળે છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળે રાજ્ય સરકારમાં વારંવાર લેખિત રજૂઆતો કરી છે. જેમાં વર્ગ નોંધણીના રૂા. ૫ હજારના બદલે શાળાની નોંધણીની ફી રાખવા બાબત રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાંત ૧૫ વર્ષના રજિસ્ટર ભાડા કરારને બદલે નોટરાઈઝ ભાડા કરારને માન્ય રાખવા અને મકાન વપરાશ પ્રમાણપત્ર અને અગ્નિશામક સાધનો સંદર્ભે નાની- મોટી છૂટછાટ આપવા બાબતે રજૂઆત કરી હતી. જોકે, રાજ્યનું શિક્ષણ વિભાગ સંચાલક મંડળની રજૂઆતોને ધ્યાન આપતું ન હોવાનું પ્રાથમિક રીતે જણાય છે. જેથી સંચાલક મંડળ દ્વારા રાજ્યના તમામ સંચાલકોને પત્ર લખી, રાજયનાં બાલમંદિરો ચલાવવા તમામ શાળા સંચાલક મંડળોને તેમની બાલ મંદિરોની નોંધણી સંદર્ભે તેમની ટ્રસ્ટ મંડળની મીટિંગો બોલાવીને યથાયોગ્ય નિર્ણય લેવા સુચના આપી છે. નિયત સમય મર્યાદામાં સંચાલકોએ યોગ્ય નિર્ણય લઈ તે મુજબ બાલમંદિરો સંદર્ભે યોગ્ય કરવા માટે સૂચના અપાઈ છે.

### મુંબઈના ત્રણ શો હાઉસફુલ થયા બાદ અમદાવાદની જાહેરાત થતાં વધતો ક્રેઝ

## અમદાવાદના મોટેરા સ્ટેડિયમમાં હવે વિશ્વ વિખ્યાત કોલ્ડપ્લે કોન્સર્ટ યોજાશે

અમદાવાદ,તા.૧૫

સંગીત પ્રેમીઓ માટે સારા સમાચાર છે. કોલ્ડપ્લેની કોન્સર્ટ ગુજરાતના આંગણે જ માણી શકાશે. મોદી સ્ટેડિયમમાં યોજાનારી આ કોન્સર્ટની ટિકિટ ૨૫૦૦ રૂપિયાથી શરૂ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ શોની ટિકિટ મિનિટોમાં જ વેચાઈ જાય છે. પછી આ લાખો રૂપિયામાં બ્લેકમાં વેચાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે અમદાવાદમાં ઓનલાઈન ટિકિટ વેચાણ શરૂ થયાની થોડી જ મિનિટોમાં તમામ ટિકિટો વેચાઈ જશે. કોલ્ડપ્લેના ત્રણ કોન્સર્ટ ૧૮, ૧૯ અને ૨૧ જાન્યુઆરીએ મુંબઈમાં યોજાનાર છે. હવે તેમાં અમદાવાદનો પણ ઉમેરો થયો છે. મુંબઈમાં કોન્સર્ટની જાહેરાત થતાં જ ભારે ભીડને કારણે ઘણા લોકોને ટિકિટ મળી શકી ન હતી. ઓનલાઈન બુકિંગ માટે લાખો લોકોનું વેઈટિંગ લિસ્ટ હતું. ટિકિટ ન મળતા ઘણા ચાહકો નિરાશ થયા હતા.મુંબઈમાં ત્રણ શો હાઉસફુલ થઈ ગયા છે. તેમની ટિકિટો લાખોમાં બ્લેકમાં વેચાઈ રહી છે. તેવી જ રીતે હવે અમદાવાદમાં કોન્સર્ટની જાહેરાત થતાં શહેરની હોટલો હાઉસફુલ થઈ શકે છે. આ શો જોવા માટે અન્ય રાજ્યોમાંથી પણ લોકો આવશે. મોદી સ્ટેડિયમની ક્ષમતા ૧.૨૫ લાખ છે, તેથી શહેરમાં સંગીતપ્રેમીઓનું પૂર ઉમટવાની શક્યતા છે. કોલ્ડપ્લે કોન્સર્ટ માટે ટિકિટ ખરીદવાના કેટલાક નિયમો છે. એક વ્યક્તિ વધુમાંવધુ ૪ ટિકિટ ખરીદી શકશે. કોન્સર્ટ ૪ કલાક સુધી ચાલશે. કોન્સર્ટમાં જતા પહેલા હાથ ઉપર એલઈડી બેન્ડ બાંધવાનું રહેશે, જે બહાર નીકળતી વખતે પરત કરવું ફરજિયાત છે. કોન્સર્ટ માટે મુખ્ય બે પ્રકારની ટિકિટ હશે. બેઠક અને સ્થાયી બેઠકો માટે અલગ-અલગ ટિકિટ હશે. પરંતુ શો દરમ્યાન તેઓ એક શ્રેણીમાંથી બીજી શ્રેણીમાં જઈ શકશે નહીં. આ અંગે અમદાવાદ શહેરના એડિશનલ પોલીસ કમિશનર



(સેક્ટર-૧) નીરજ બડગુજરે જણાવ્યું હતું કે, આ કોલ્ડપ્લે કોન્સર્ટમાં આવનારા મહેમાનો અને સામાન્ય લોકોની સુરક્ષા અને પાર્કિંગની વ્યવસ્થા બરાબર રહેશે. તેમજ દર્શકોની કિંમતી સામાન, ખાસ કરીને મોબાઈલ ફોનની ચોરી અટકાવવા એન્ટી મોબાઈલ થેફ્ટ સ્કવોડ તૈનાત કરવામાં આવશે. આ બેન્ડનું લાઈવ પરફોર્મન્સ જોવા માટે સમગ્ર વિશ્વમાં ક્રેઝ છે. બેન્ડમાં મુખ્ય ગાયક ક્રિસ માર્ટિન, ગિટારવાદક જોની બકલેન્ડ, બાસવાદક ગાય બેરીમેન અને ડ્રમર વિલ ચેમ્પિયન સહિત ચાર સભ્યોનો સમાવેશ થાય છે. ફિલ હાર્વે આ ગ્રુપના મેનેજર છે. બેન્ડ કોલ્ડપ્લેની રચના લંડનમાં ૧૯૯૭માં કરવામાં આવી હતી. કોલ્ડપ્લેએ ૩૯ નોમિનેશનમાંથી ૭ ગ્રેમી એવોર્ડ જીત્યા છે.કોલ્ડપ્લેએ ૨૦૧૬માં મુંબઈમાં ગોલ્ડન સિટીઝન ફેસ્ટિવલમાં પરફોર્મ કર્યું હતું. ૮૦ હજાર લોકો આ શોનો ભાગ હતા, જેમાં ઘણા બોલિવૂડસેલેબ્સ સામેલ હતા. હવે ૯ વર્ષ પછી બેન્ડ ભારત પરત આવી રહ્યું છે. કોલ્ડપ્લેના ગીતો ‘હાઈમન ફોર ધ વીકએન્ડ’, ‘યલો’, ‘ફિક્સ યુ’ ભારતમાં ખૂબ જ લોકપ્રિય છે.

# ૧૫ દિવસમાં મ્યુનિસિપલ ચૂંટણીઓ જાહેર કરો, પંજાબને SCનો આદેશ

**પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ૧૯ ઓકટોબરના આદેશને પડકારતી પંજાબની અરજી ઉપર સુનાવણી કરતી વખતે બેન્ચે આદેશમાં આંશિક ફેરફાર કર્યો**

નવી દિલ્હી તા.૧૫

સુપ્રીમ કોર્ટે પંજાબ સરકાર અને રાજ્ય ચૂંટણી પંચ (SEC)ને રાજ્યમાં નગરપાલિકાની ચૂંટણી ૧૫ દિવસમાં સૂચિત કરવા અને સૂચનાના આઠ અઠવાડિયામાં સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે. સીમાંકનની નવી કવાયત હાથ ધર્યા વિના ૧૫ દિવસની અંદર તમામ નગરપાલિકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીને સૂચિત કરવાના પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના ૧૯ ઓકટોબરના આદેશને પડકારતી પંજાબ સરકારની અરજી ઉપર સુનાવણી કરતી વખતે, ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ ઉજ્જલ ભુયાનની બેન્ચે આદેશમાં આંશિક ફેરફાર કર્યો હતો. તેમાં નોંધ્યું હતું કે રાજ્ય સરકારની બાકી સીમાંકન પ્રક્રિયા ઉપરની નિર્ભરતા ખોટી હતી, કારણ કે વસ્તી અથવા મ્યુનિસિપલ સીમાઓમાં કોઈ નોંધપાત્ર ફેરફારો થયા નથી. મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજવા માટેનો સમય લંબાવતા, બેન્ચે કહ્યું કે રાજ્ય હાઈકોર્ટને અવમાનનાની કાર્યવાહી ટાળવા વિનંતી કરવા માટે સ્વતંત્ર છે. તેના ૧૯ ઓકટોબરના આદેશમાં, હાઈકોર્ટે પંજાબ સરકાર/SECને ૧૫ દિવસની અંદર પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશનો અને ૪૨ મ્યુનિસિપલ કાઉન્સિલ/નગર પંચાયતોની ચૂંટણીના સમયપત્રકને સૂચિત કરવા કહ્યું હતું. અમૃતસર, પટિયાલા, જલંધર, ફગવાડા અને લુધિયાણાની મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી બે વર્ષથી પેન્ડિંગ હતી. વરિષ્ઠ વકીલ એ.એમ. સિંઘવી અને પંજાબના એડવોકેટ જનરલ ગુરમિન્દર સિંઘ દ્વારા રજૂ કરાયેલ, પંજાબ સરકાર નગરપાલિકાઓ/મ્યુનિસિપલ કાઉન્સિલ/મ્યુનિસિપલકોર્પોરેશન/નગર પંચાયતોની ચૂંટણીમાં વિલંબ કરવા માંગતી હતી કારણ કે વોર્ડના સીમાંકન માટે બાકી રહેલી કવાયત પૂરી કરવા માટે તેને ૧૬ અઠવાડિયાની જરૂર હતી. જો કે, બેન્ચે કહ્યું, “સીમાંકનનો કોઈ પ્રશ્ન નથી. આજે અમે કંઈ કહેવા માંગતા નથી; અન્યથા તમે તમારી (પંજાબ સરકાર) વિરૂધ્ધ કડક કાર્યવાહીનધ્ આમંત્રણ આપશો. તમે પહેલા ચૂંટણી જાહેર કરો.



તમારી વિરૂધ્ધ સુપ્રીમ કોર્ટના બે ચુકાદા છે. કાયદો આદેશ આપે છે કે તમે કાર્યકાળ સમાપ્ત થાય તે પહેલાં પ્રક્રિયા શરૂ કરો.’ જસ્ટિસ કાંતે કહ્યું,‘પંચાયત ચૂંટણી માટે તમે ખૂબ જ ઉત્સુક છો પરંતુ નગરપાલિકાઓ માટે તમે કોઈ ને કોઈ બહાને વિલંબ કરવા માંગો છો,’. ખંડપીઠે રાજ્ય સરકારને બંધારણના અનુચ્છેદ ૨૪૩ U(૩) હેઠળની તેની જવાબદારીઓ યાદ અપાવી હતી જેમાં ફરજિયાત છે કે નગરપાલિકાની રચના માટેની ચૂંટણી તેની પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં અથવા તેના વિસર્જનની તારીખથી છ મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં પૂર્ણ કરવી જોઈએ. અગાઉ, પંચાયતો અને નગરપાલિકાઓ ઉપર બંધારણની કલમ ૨૪૩ E અને ૨૪૩ U ટાંકીને; અને ન્યાયિક દાખલાઓ, હાઈકોર્ટે કહ્યું હતું કે સીમાંકન પ્રક્રિયા ચૂંટણી પ્રક્રિયામાં વિલંબનું કારણ બની શકે નહીં. હાઈકોર્ટે નોંધ્યું હતું કે,‘બંધારણીય આદેશની આવશ્યકતા છે કે નગરપાલિકાની રચના કરવા માટેની ચૂંટણીઓ કલમ ૨૪૩ U(૩)(b) મુજબ તેના વિસર્જનની તારીખથી છ મહિનાની મુદત પૂરી થાય તે પહેલાં યોજવી જોઈએ. આ આદેશ અનુસાર, નગરપાલિકાઓની ચૂંટણીઓ થવી જોઈએ. આથી તેમની પાંચ વર્ષની મુદત પૂરી થાય તે પહેલાં પૂર્ણ કરવામાં આવે’.

# નવેમ્બરનો અડધો મહિનો વીતવા આવ્યો છતાં રાજ્યમાં ઠંડીના ચમકારાનો અભાવ

અમદાવાદ, તા.૧૫

ગત વર્ષની સરખામણીએ નવેમ્બર માસ ગરમ રહ્યો છે. ૨૦૨૩માં નવેમ્બર માસના પ્રથમ પખવાડિયામાં રાજયભરના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન સામાન્ય કે તેનાથી પણ ઓછું નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા નવેમ્બર માસની શરૂઆતમાં જ લોંગ રેંજ ફોરકાસ્ટમાં જણાવવામાં આવ્યું હતું કે આ વર્ષે ગુજરાત રાજ્ય માટે નવેમ્બર મહિનામાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું તથા લઘુત્તમ તાપમાન સામાન્ય કે સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતાઓ છે. તે મુજબ જ નવેમ્બર માસના પ્રથમ પખવાડિયામાં જાણે કે એપ્રિલ મહિનો ચાલી રહ્યો હોય તે પ્રકારની ગરમી ગુજરાતવાસીઓએ અનુભવી છે. ત્યારે આ વર્ષે શરૂઆતના ૧૨ દિવસ દરમ્યાન રાજયભરના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું. જ્યારે ગત વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૩માં નવેમ્બર માસના પ્રથમ પખવાડિયામાં રાજયભરના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન સામાન્ય કે તેનાથી પણ ઓછું નોંધાયું હતું. ભારતીય હવામાન વિભાગે વર્ષ ૨૦૨૪નો ઓક્ટોબર મહિનો દેશભર માટે સૌથી વધુ તાપમાન સાથેનો ઓક્ટોબર મહિનો જાહેર કર્યો છે. તેવામાં ગુજરાત રાજ્યમાં પણ ઓક્ટોબર મહિનામાં અંગ દઝાડતી ગરમી વરસી હતી ત્યારબાદ નવેમ્બર માસમાં પણ શરૂઆતના દિવસોમાં તે પ્રકારની સ્થિતિ યથાવત રહી છે. ત્યારે હવે આગામી દિવસોમાં ઠંડીની શરૂઆત ધીમે ધીમે થશે જેની અસરો વર્તાવવાની શરૂ થઈ છે. કારણ કે રાજયના કેટલાક જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન સામાન્યથી નજીક પહોંચવા પામ્યું છે. મહત્તમ તાપમાન પણ સામાન્ય કરતા બે કે ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાઈ રહ્યું છે. ત્યારે કેટલાક હવામાન નિષ્ણાતોએ પણ આગાહી કરી છે કે આ વર્ષે નવેમ્બર મહિનાના છેલ્લા સપ્તાહમાં અને ડિસેમ્બર મહિનામાં અત્યંત ઠંડીની શક્યતાઓ છે. વર્ષ ૨૦૨૩માં મોટેભાગે રાજયભરના તમામ જિલ્લાઓનું લઘુત્તમ અને મહત્તમ તાપમાન સામાન્યથી નજીક રહ્યું છે. રાજયના અનેક શહેરોમાં પણ ગત વર્ષે લઘુત્તમ તાપમાન નવેમ્બર મહિનાના પ્રથમ ૧૫ દિવસ દરમિયાન સામાન્યથી નજીક એટલે કે ૧૬થી ૧૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું.


## સૌ પ્રથમવાર સુરતમાં ડિજિટલ એરેસ્ટમાં આરોપીઓના સ્કેચ જાહેર


સુરત, તા.૧૫

ગુજરાત સહિત દેશભરમાં સતત ડિજિટલ અરેસ્ટની ઘટનાઓમાં વધારો નોંધાઈ રહયો છે. ટેકનિકલ સર્વલન્સથી આરોપીઓની શોધખોળ કરવામાં આવી રહી છે. આ વચ્ચે ગુજરાતમાં પ્રથમવાર ડિજિટલ અરેસ્ટના માસ્ટર માઈન્ડની ધરપકડ કરવા માટે સુરત પોલીસે સ્કેચનો સહારો લીધો છે. ત્યારે ઓનલાઈન આવતાં આ આરોપીઓના ચહેરા જાહેર કરવામાં પોલીસને સફળતા મળી છે. રાજ્યમાં સૌ પ્રથમવાર સુરત પોલીસે ભોગ બનનારની માહિતીના આધારે એક્સપર્ટ પાસે સ્કેચ બનાવવામાં આવ્યાં છે. જેથી હવે ચહેરા સામે આવતાં આરોપીઓની ધરપકડ કરવી આસાન બની શકે તેમ છે. ડિજિટલ અરેસ્ટના ભોગ બનેલા ફરિયાદીઓના જણાવ્યા મુજબ બે માસ્ટર માઈન્ડના સ્કેચ તૈયાર કરવામાં આવ્યા છે. આ સ્કેચ હવે પોલીસ સોશિયલ મીડિયામાં મુકશે, જેથી લોકો શિકાર બનતા બચી શકે અને આરોપીની જાણકારી પણ આપી શકે. આરોપીઓ લાખોકરોડો રૂપિયા ફરિયાદી પાસેથી બ્લેકમેલ કરી પડાવી રહયા છે. ટેલિફોન અને એકાઉન્ટના માધ્યમથી માત્ર એજન્ટ સુધી જ અત્યાર સુધી પોલીસ પહોંચી છે. હવે માસ્ટર માઈન્ડ સુધી પહોંચવા અને આ ઘટનામાં સામેલ લોકોની ઓળખ સામાન્ય પ્રજા સુધી પહોંચે, આ માટે સુરત પોલીસે સ્કેચનો સહારો લીધો છે. ગુજરાતમાં પ્રથમવાર ડિજિટલ અરેસ્ટની ઘટનામાં સુરત પોલીસ દ્વારા બે સ્કેચ જાહેર કરાયા છે.

## કચ્છ રણોત્સવને વૈશ્વિક સ્તરે મળી છે ઓળખ

# રણોત્સવ ૨૮ ફેબ્રુઆરી સુધી ચાલશે




કચ્છ, તા.૧૫

આ વર્ષે રણોત્સવની શરૂઆત થઈ ગઈ છે, જે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી ચાલશે. કચ્છની કળા, ભાતીગળ સંસ્કૃતિ, મહેમાનગતિ, પરંપરા, સંગીતનો સંગમ ધરાવતા કચ્છ રણોત્સવને વૈશ્વિક સ્તરે ઓળખ મળી છે તેનો શ્રેય ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે. તેમણે ૨૦૦૫માં શરૂ કરેલા કચ્છ રણોત્સવથી ગુજરાતના પ્રવાસન ઉદ્યોગને તો વેગ મળ્યો જ છે, સાથે તે અનેક લોકોના આર્થિક અને સામાજિક વિકાસનું પણ માધ્યમ બન્યું છે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગોઝારા ભૂકંપ બાદ કચ્છની તસ્વીર સંપૂર્ણપણે બદલવાનો દ્રઢ સંકલ્પ લીધો અને કચ્છની ભૂમિને પુનર્જીવિત કરવાના મિશનને સાકાર પણ કર્યું. આમાં કચ્છના સફેદ રણમાં શરુ થયેલા રણોત્સવે મહત્વનો ભાગ ભજવ્યો. તેમણે ચમકતા સફેદ મીઠાના રણની અનંત ક્ષિતિજો જોતાં આ જગ્યાએ વિશ્વનો સૌથી મોટો અને એકમાત્ર સફેદ રણનો ઉત્સવ- 'કચ્છ રણોત્સવ' ઉજવવાનું નક્કી કર્યું.

ભુજથી ૮૦ કિમીના અંતરે આવેલા ધોરડો ખાતે ત્રણ દિવસીય રણોત્સવની શરૂઆત કરવામાં આવી હતી, જે આજે ૪ મહિનાનો લાંબો ઉત્સવ બની ચૂક્યો છે.

આ વર્ષે રણોત્સવના આયોજનમાં ટકાઉ પ્રવાસન (સસ્ટેનેબલ ટુરિઝમ) પર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. જેમ કે, પ્લાસ્ટિકનો લઘુત્તમ ઉપયોગ, સફેદ રણમાં જવા માટે બાઈસિકલ રાઈડ, ટેન્ટ સિટીમાં વેસ્ટ સેગ્રીગેશન અને ડિસ્પોઝલની વ્યવસ્થા કરવામાં આવી છે. રણોત્સવની સાથે-સાથે કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોની મુલાકાત પ્રવાસીઓ લઈ શકે તે માટે અલગ અલગ ટ્રાવેલ આઈટિનરી પણ ઉપલબ્ધ થશે. રણોત્સવનું મુખ્ય આકર્ષણ ટેન્ટ સિટી છે. આ વર્ષે પ્રવાસીઓ માટે સફેદ રણમાં ૩-સ્ટાર હોટલ, રિસોર્ટ જેવી સુવિધાઓથી સજ્જ ૪૦૦ જેટલા ટેન્ટ્સ ઊભા કરવામાં આવ્યા છે. આ વર્ષે ૧૧ નવેમ્બરથી ટેન્ટ સિટીની શરૂઆત થઈ ગઈ છે, જે ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી ચાલશે. ટેન્ટ સિટીમાં રહીને પ્રવાસીઓ મીઠાના સફેદ રણનું અદ્ભુત કુદરતી સૌંદર્ય, લોકસંસ્કૃતિ તેમજ પરંપરાગત ભોજનનો આનંદ માણે છે.

રણોત્સવની મુલાકાત દરમ્યાન પ્રવાસીઓ માટે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિવિધ એડવેન્ચર સ્પોર્ટ્સ એક્ટિવિટી પણ યોજવામાં આવે છે. રણોત્સવ ૨૦૨૪-૨૫માં એડ્વેન્ચર ઝોન (૨૦ અલગ-અલગ એડ્વેન્ચર પ્રવૃત્તિઓ જેવી કે પેરા મોટરિંગ, એ.ટી.વી રાઈડ વગેરે), ચિલ્ડ્રન એક્ટિવિટી વિથ ફન, નોલેજ પાર્ક (૧૦ અલગ-અલગ પ્રવૃત્તિઓ જેમ કે, ન્યુટ્રિશનની સમજ આપતી ગેમ અને એક્ટિવિટી, વી. આર ગેમ ઝોન વગેરે)નું આયોજન કરવામાં આવ્યું છે. રણોત્સવની મુલાકાતે આવતા લાખો સહેલાણીઓના કારણે સ્થાનિક લોકો, ખાસ કરીને હસ્તકલા ક્ષેત્રના લોકો માટે આવકનો નોંધપાત્ર સ્રોત ઊભો થયો છે.

રણોત્સવ થકી રોગાન કળા, ઓરીભરત, મીનાકામ, અજરખ બ્લોક પ્રિન્ટ, બાંધણી, જરદોશી કળા, કાષ્ઠકળા વગેરેમાં પારંગત કારીગરોને રોજગારી તો મળે જ છે, સાથે કચ્છી હેન્ડિક્રાફ્ટ્સના કલાકારોને પોતાની કલાકૃતિઓને વેચવા માટે એક વૈશ્વિક બજાર મળે છે.

૨૦૨૩-૨૪ના રણોત્સવમાં અંદાજિત ૨ લાખ લોકોએ ક્રાફ્ટ સ્ટોલ અને ફૂડ સ્ટોલની મુલાકાત લીધી હતી, જેના દ્વારા ક્રાફ્ટ સ્ટોલ ધારકોને અંદાજિત રૂ. ૬.૬૫ કરોડ અને ફૂડ સ્ટોલ ધારકોને અંદાજિત રૂ.૧.૩૬ કરોડની આવક થઈ હતી. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૩માં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા સફેદ રણના વૉચ ટાવર ઉપર લાઈટ એન્ડ સાઉન્ડ શૉનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જેથી મુલાકાતીઓ માટે નવું આકર્ષણ ઉમેરાયું છે. તો આ વર્ષે પ્રવાસન વિભાગ દ્વારા ધોળાવીરા ખાતે પણ PPP ધોરણે ૪૪ રૂમ સાથેના રિસોર્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. રણોત્સવની શરૂઆત થઈ ત્યારથી દર વર્ષે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪ના રણોત્સવમાં ૮૫૨ વિદેશી સહિત ૭.૪૨ લાખ પ્રવાસીઓ આવ્યા હતા.

# ૨૦૨૮ સુધીમાં દેશમાં ૪૫.૭૨ કરોડ લોકોને રોજગાર મળશે

## ટેકનોલોજી પછી ઉત્પાદન ક્ષેત્રે ૧૫ લાખ નોકરીઓ, શિક્ષણમાં ૮૪,૦૦૦ અને આરોગ્ય સંભાળમાં ૮૦,૦૦૦ નોકરીઓનું સર્જન થશે




મુંબઈ, તા.૧૫

રોજગાર અહેવાલ અનુસાર, ટેકનોલોજી પછી ઉત્પાદન ક્ષેત્રે ૧૫ લાખ નોકરીઓ, શિક્ષણમાં ૮૪,૦૦૦ અને આરોગ્ય સંભાળમાં ૮૦,૦૦૦ નોકરીઓનું સર્જન થશે. આ નોકરીઓ અપેક્ષિત આર્થિક વૃદ્ધિ અને તકનીકી પરિવર્તન દ્વારા ચલાવવામાં આવે છે.

૨૦૨૮ સુધીમાં દેશમાં નોકરી કરનારા લોકોની સંખ્યા વધીને ૪૫.૭૨ કરોડ થઈ જશે. ૨૦૨૩માં આ સંખ્યા ૪૨.૩૭ કરોડ હતી. ઈર્મજિંગ ટેક્નોલોજી ભારતના મુખ્ય વૃદ્ધિ ક્ષેત્રોમાં પ્રતિભાને પરિવર્તિત કરશે, સર્વિસનો અહેવાલ આપે છે. આનાથી ૨૦૨૮ સુધીમાં ટેકનોલોજી સેક્ટરમાં ૨૭.૩ લાખ નવી નોકરીઓનું સર્જન થશે.

રિપોર્ટ અનુસાર, ટેકનોલોજી બાદ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ૧૫ લાખ, શિક્ષણમાં ૮૪,૦૦૦ અને હેલ્થકેરમાં ૮૦,૦૦૦ નોકરીઓનું સર્જન થશે. આ નોકરીઓ અપેક્ષિત આર્થિક વૃદ્ધિ અને તકનીકી પરિવર્તન દ્વારા ચલાવવામાં આવે છે. માંગમાં આ વધારો રિટેલ પ્રોફેશનલ્સ માટે સોફ્ટવેર એપ્લિકેશન ડેવલપમેન્ટ અને ડેટા એન્જીનીયરીંગ જેવા ક્ષેત્રોમાં ઉચ્ચ કૌશલ્ય મેળવવાની મૂલ્યવાન તક પૂરી પાડે છે.

સર્વિસનાઉના એમડી સુમિત માથુરે જણાવ્યું હતું કે, AI ભારતના વિકાસ એન્જિનમાં રોજગાર સર્જન માટે મુખ્ય ઉત્પ્રેરક બનશે, ખાસ કરીને અદ્યતન તકનીકી કૌશલ્યની આવશ્યક ભૂમિકાઓમાં. આ વ્યૂહાત્મક થ્રસ્ટ વ્યાવસાયિકો માટે માત્ર વધુ ઉચ્ચ મૂલ્યની તકો જ નહીં બનાવે પરંતુ તેમને ટકાઉ ડિજિટલ કારકિર્દી બનાવવા માટે પણ મજબૂત બનાવશે.

# ૧૦ વર્ષમાં ભારતીય પરિવારોની સંપતિ રૂા.૭૧૭ લાખ કરોડ વધી



નવી દિલ્હી, તા.૧૫

ભારતીય રોકાણકારોએ પ્રોપર્ટી અને સોનાના વળતર કરતાં ઈક્વિટીમાં રોકાણ કરીને વધુ કમાણી કરી છે. ઈક્વિટી રોકાણે છેલ્લા ૨૫ વર્ષમાં કોઈપણ પપ્રવર્ષના સમયગાળામાં સૌથી વધુ વળતર આપ્યું છે.તે જ સમયે, છેલ્લા દાયકામાં ભારતીય પરિવારોની સંપત્તિમાં લગભગ ૭૧૭ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. તેમાંથી લગભગ ૧૧% ઈક્વિટીમાંથી આવક છે. અમેરિકન ફાઈનાન્શિયલ સર્વિસ કંપની મોર્ગન સ્ટેનલીના અભ્યાસમાં આ માહિતી સામે આવી છે.

રિપોર્ટ અનુસાર, છેલ્લા ૫ વર્ષ, ૧૦ વર્ષ, ૧૫ વર્ષ, ૨૦ વર્ષ અને ૨૫ વર્ષમાં ભારતીય ઈક્વિટી (બીએસઈ સેન્સેક્સ) માંથી મળેલ રિટર્ન રિયલ એસ્ટેટ, સોનું, ૧૦-વર્ષની ટ્રેઝરી અને બેંક ફિક્સ્ડ ડિપોઝિટ જેવા અન્ય કરતાં એસેટ વધુ સારું છે.

રિપોર્ટ અનુસાર, ઈક્વિટીએ ૨૫ વર્ષના સમયગાળામાં ૧૫% ચક્રવળદ્ધિ વાર્ષિક પ્રીપ્રટેક્સ રિટર્ન આપ્યું છે. તે જ સમયે, સોનામાં ૧૧.૧%, બેંક FDમાં ૭.૩% અને દેશના સાત મોટા શહેરોમાં મિલકત અથવા રિયલ એસ્ટેટના મૂલ્યમાં ૭%નો વધારો થયો છે.

# ૨૦૨૪નું વર્ષ આંતરરાષ્ટ્રીય ઊંટ વર્ષ

## હાલાર પંથકના ખારાઈ ઊંટની સ્વાસ્થ્ય સંભાળ માટે રિલાયન્સ દ્વારા કેમ્પનું આયોજન

જામનગર અને દ્વારકા જિલ્લાના સાગરકાંઠા વિસ્તારમાં મોસમી વસવાટ કરતા ઊંટ પાલકોના લાભાર્થે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઊંટ સ્વાસ્થ્ય નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૦૨૪ના વર્ષને 'આંતરરાષ્ટ્રિય ઊંટ વર્ષ' તરીકે જાહેર કરાયું છે. હાલાર પંથકમાં સમાવિષ્ટ થતા જામનગર અને દ્વારકા જિલ્લાના સાગરતટીય વિસ્તારોમાં ભોપા રબારીઓ ખારાઈ પ્રજાતિના ઊંટનું પાલન કરે છે અને માત્ર ઊંટના દૂધ, તેમાંથી બનતા માવા અને ઊંટના વેચાણ દ્વારા જીવન નિર્વાહ ચલાવે છે. ખારાઈ ઊંટોની ખાસિયત એ છે કે, ખુબ સારું તરી શકે છે, ખારું પાણી પી શકે છે અને દરિયાકિનારાની ક્ષારયુક્ત મેન્ગ્રુવ(ચેર) જેવી વનસ્પતિનો ચારો ચરતાં હોય છે. રસપ્રદ છે કે, ઊંટડીનું દૂધ માતાના દૂધનો વિકલ્પ બની શકે તેટલું પોષક્મૂલ્ય ધરાવે છે. જે કોલેસ્ટ્રોલ નિયંત્રણ, ડાયાબીટીસ નિયંત્રણ અને રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં ઉપયોગી થાય છે.

રિલાયન્સના ગ્રુપ પ્રેસિડેન્ટ શ્રી ધનરાજભાઈ નથવાણીના માર્ગદર્શન અનુસાર તાલીમબધ્ધ પશુ ચિકિત્સકોની મદદ લઈને આ વિચરતા માલધારીઓના દૂર-સુદૂર આવેલા ચરિયાણ વિસ્તાર સુધી જઈને ઊંટની આરોગ્ય સંભાળની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. ઊંટમાં મુખ્યત્વે હીમોપ્રોટોઝોન અને સંસર્ગજન્ય ચામડીના રોગ થતા હોય છે. કલ્યાણપુર તાલુકાના મોટા આસોટા – મહાદેવિયા, ખંભાળિયા તાલુકાના બેહ અને જામનગર તાલુકાના બેડ ગામોના અંતરિયાળ વિસ્તારમાં જઈને ૨૦૦ જેટલા ઊંટની સંપૂર્ણ આરોગ્ય વિષયક ચિકિત્સા કરી મેડીકલ, સર્જીકલ અને ગાયનેકોલોજીકલ સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત પશુપાલકોને ઊંટના સ્વાસ્થ્ય માટે જરૂરી સાર સંભાળ માટે વિસ્તૃત માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. કેમ્પમાં સરકારશ્રીના બંને જિલ્લાના પશુપાલન વિભાગ દ્વારા પણ જરૂરી તાંત્રિક સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, રિલાયન્સ દ્વારા વર્ષ ૨૦૧૬ થી શરૂ કરવામાં આવેલ સંપૂર્ણ સુવિધાસજ્જ વેટરનરી હોસ્પિટલના માધ્યમથી આજ દિન સુધીમાં કુલ બે લાખ કરતા વધુ પશુઓની સારવાર સંભાળ લેવામાં આવી છે.

# નોબેલ શાંતિ પુરસ્કારના હકદાર નરેન્દ્ર મોદી : માર્ક મોબિયસે


## ઉથલપાથલ ભરી આ દુનિયામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખાસ કરીને પશ્ચિમ એશિયા અને રશિયા-યુક્રેન સંઘર્ષમાં એક શાંતિદૂત બની શકે



નવીદિલ્હી તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વૈશ્વિક સ્તર પર તમામ રાજકીય પક્ષોની સાથે વાત કરવામાં સક્ષમ છે અને તેમના આ પ્રયાસોને માટે તેઓ નોબેલ શાંતિ પુરસ્કારના હકદાર છે. દિગ્ગજ નિવેશક માર્ક મોબિયસે કહ્યું કે, ઉથલપાથલ ભરી આ દુનિયામાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખાસ કરીને પશ્ચિમ એશિયા અને રશિયા-યુક્રેન સંઘર્ષમાં એક શાંતિદૂત બની શકે છે. મોબિયસે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એક મહાન નેતા હોવાની સાથે-સાથે એક સારા માણસ પણ છે. મને લાગે છે કે અંતરરાષ્ટ્રીય સ્તર પર તેમની ભૂમિકા ઝડપથી વધનારી છે. આવનાર સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી દુનિયામાં મહત્વપૂર્ણ શાંતિદૂત બની શકે છે. તેઓએ નોબેલ શાંતિ પુરસ્કાર બાબતે વાતચીત કરતાં કહ્યું કે, વડાપ્રધાન મોદી આ વૈશ્વિક એવોર્ડના હકદાર છે. મોબિયસે કહ્યું કે, ભારતમાં તમામ દેશોની સાથે ન્યૂટ્રલ રહેવાની ક્ષમતા છે. ભારતની આ ક્ષમતા તેમને વૈશ્વિક સ્તર પર શાંતિને માટે મધ્યસ્થ બનવામાં ઉપયુક્ત બનાવે છે. દિગ્ગજ નિવેશકે વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન મોદી આ દુનિયામાં એક પ્રમુખ મધ્યસ્થ બનવાને માટે ખૂબ જ યોગ્ય છે. રશિયા-યુક્રેન સંઘર્ષમાં તટસ્થ રીતે જોનાર હોવા છતાં વડાપ્રધાન મોદીએ શાંતિના સમર્થકના રૂપમાં ભારતની સ્થિતિની પુષ્ટિ કરતાં, સતત શાંતિપૂર્ણ સમાધાનની વકાલત કરી છે.

# ડ્રોનના ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક હબ બનવાનું ભારતનું લક્ષ્ય : રાજનાથ સિંહ



નવીદિલ્હી તા. ૧૫

મનોહર પરિકર ઈન્સ્ટિટયૂટ ફોર ડિફેન્સ સ્ટડિઝ એન્ડ એનાલિસિસ અંગે યોજાયેલા એક સમારોહને સંબોધિત કરતા કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, દેશ સામે ઊભા થયેલા ભય અને પડકારો મુજબનો વ્યુહ અને સંરક્ષણ યંત્રણા આપણી પાસે તૈયાર હોવી જોઈએ. આપણે તમામ ભાવી પડકારો માટે સજ્જ રહેવું જોઈએ. આ માત્ર સરહદની સુરક્ષાની વાત નથી, ભાવિ સુરક્ષાની વાત છે. આ બાબત ''મેક ઈન ઈન્ડિયા'' અને ''આત્મનિર્ભર ભારત'' યોજનામાં પણ મહત્વનું યોગદાન છે. ડ્રોન અને સ્વાર્મ ટેકનોલોજી યુદ્ધના શસ્ત્રોને મામલે પાયાના ફેરફાર લાવી રહ્યું છે. તેમાં ડ્રોનનું મહત્વ જળ, સ્થળ, અને હવામાં વધી ગયું છે. સુરક્ષાના ઉભા થતાં નવા પડકારોને પહોંચી વળવા ભારત સુરક્ષા ક્ષેત્રે અનુકૂળ ફેરફાર કરવાનો અભિગમ અપનાવી રહ્યું છે. નવી ટેકનોલોજી યુદ્ધ માટેના શસ્ત્રોમાં ધરમૂળથી પરિવર્તનો આવી રહ્યા છે. તેમાં ડ્રોનનું મહત્વ વધી ગયું હોવાથી. ભારત ડ્રોનના ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક હબ બનવાનું લક્ષ્ય ધરાવે છે.

### હોમવર્ક નહોતું કર્યું એટલે ટીચરે ૪ વર્ષના છોકરાને થપ્પડ મારી

કાનપુર, તા.૧૫

કાનપુરના બિરહાના રોડ પર લોફટી વેલ કિડ્સ પ્રી સ્કૂલ છે ત્યાં નર્સરીમાં ભણતો ૪ વર્ષનો માનવિક હોમવર્ક નહોતો કરી લાવ્યો, એમાં ટીચર રિતિકા બહુ ગુસ્સે થયાં અને ૪૨ સેકન્ડમાં ૭ થપ્પડ મારી દીધી. માનવિક ગાલ પર સોળ પડેલી જોઈને માતાપિતાએ પૂછયું, પણ માનવિક બહુ ગભરાયેલો હતો. ટીચરે નાનકડા બાળકના કુમળા ગાલ પર આટલીબધી થપ્પડ મારવાનું કારણ એવું આપ્યું કે મને માઈગ્રેન છે એટલે ગુસ્સામાં થપ્પડ મરાઈ ગઈ.

# સ્માર્ટફોનના જમાનામાં ઈન્દોરના ઘરમાં વ્યકિતએ ૫૭૦ ટાઈપરાઈટર્સનું મ્યુઝિયમ બનાવ્યુ



ઈન્દોર, તા.૧૫

ઈન્દોરના ૬૮ વર્ષના રાજેશ શર્માનું પૅશન છે દુનિયાભરનાં ટાઈપરાઈટર્સ ભેગાં કરવાનું. ઍડ્વર્ટાઈઝમેન્ટ એજન્સી ચલાવતા રાજેશભાઈએ પોતાના ઘરને જ ટાઈપરાઈટર્સ મ્યુઝિયમમાં તબદીલ કરી દીધું છે અને એમાં ૫૭૦ વિન્ટેજ કહી શકાય એવાં ટાઈપરાઈટર્સ છે. એમાં હિન્દી, ગુજરાતી, મરાઠી જેવી ભારતીય ભાષાઓ ઉપરાંત જૅપનીઝ, રશિયન, અરેબિક જેવી ફૉરેન ભાષાઓનું કી-બોર્ડ પણ છે. છેલ્લાં ૧૨ વર્ષથી તેઓ આ કલેક્શન કરી રહ્યા છે અને એ જોઈને તેમને મિત્રો અને સંબંધીઓ તરફથી ૧૨૫ જેટલાં ટાઈપરાઈટર્સ ગિફ્ટ મળ્યાં છે. રાજેશભાઈનો ટાઈપરાઈટર્સ સાથે ઈમોશનલ સંબંધ છે. તેમનું કહેવું છે કે 'મારા પપ્પા ટાઈપિસ્ટ હતા એટલે બાળપણથી હું ટક-ટક ટક-ટક રિધમિક અવાજ સાંભળતો. મારા કલેક્શનમાં સૌથી જૂનું ટાઈપરાઈટર અમેરિકાનું છે જે ૧૯૦૫માં બનેલું અને એનું વજન ૨૫ કિલો હતું. પિતાજીએ મને એ ભેટ આપેલું.' હવે તેઓ એવાં ટાઈપરાઈટર્સ ખરીદવા માગે છે જે કોઈ લેજન્ડરી હિન્દી રાઈટરોએ સાહિત્યસર્જન માટે વાપર્યાં હોય.

# રાજકોટમાં સૌપ્રથમ વખત રમાશે વિમેન્સ ઈન્ટરનેશનલ ક્રિકેટ મેચ

રાજકોટ તા.૧૫

T20 વર્લ્ડ કપ પછી, BCCI એ ભારતની મહિલા ટીમ માટે વધુ બે ટીમો સાથે શ્રેણી ગોઠવી છે. ટીમ હવે ડિસેમ્બરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે અને આવતા વર્ષે જાન્યુઆરીમાં આયર્લેન્ડ સામે સફેદ બોલની શ્રેણી રમશે. આ પહેલા ભારતે T20 વર્લ્ડ ચેમ્પિયન ન્યુઝીલેન્ડ સામે ૩ વનડે સીરીઝ ૨-૧થી જીતી હતી જે અમદાવાદના મોદી સ્ટેડિયમમાં રમાઈ હતી. વેસ્ટ ઈન્ડિઝ અને આયર્લેન્ડ સામે ૯ મેચ ૧૫ ડિસેમ્બરથી શરૂ થશે અને ૧૫ જાન્યુઆરી સુધી ચાલશે. ભારતીય મહિલા ટીમે બંને ફોર્મેટમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ૩ ODIઅને ૩ T20 શ્રેણી રમવાની છે. ૧૫, ૧૭ અને ૧૯ ડિસેમ્બરે નવી મુંબઈમાં 3 T20 રમાશે. તમામ મેચો સાંજે ૭ વાગ્યે શરૂ થશે. જ્યારે ૨૨, ૨૪ અને ૨૭ ડિસેમ્બરના રોજ બરોડામાં ૩ વનડે રમાશે. ૨ મેચ બપોરે ૧:૩૦ વાગ્યે શરૂ થશે, જ્યારે છેલ્લી મેચ સવારે ૯:૩૦ વાગ્યે શરૂ થશે.

આ વર્ષે ભાવિકોની સંખ્યામાં ભારે ઘટાડા વચ્ચે

# ગિરનારની લીલી પરીક્રમા શાંતિપૂર્ણ સંપન્ન






જૂનાગઢ તા. ૧૫

ગરવા ગિરનારની લીલી પરીક્રમાનાં મેળાનો આજે છેલ્લો દિવસ છે. સાડા સાત લાખ કરતા વધારે શ્રધ્ધાળુઓએ પરીક્રમા પૂર્ણ કરી અને પુણ્યનું ભાથુ બાંધ્યું છે.આ વર્ષે ભાવિકોની સંખ્યામાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. એક દિવસ વહેલી શરૂ થયેલી લીલી પરિક્રમા સત્તાવાર રીતે આજે સંપન્ન થઈ રહી છે ત્યારે શાંતિપૂર્ણ રીતે પરીક્રમા પૂર્ણ થઈ રહી છે ત્યારે તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે.

જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ક્ષેત્ર એટલે તિર્થોની પવિત્ર ભૂમિ છે. ૩૩ કરોડ દેવતાનો જયાં વાસ છે તેવી આ પાવનકારી ભોમકામાં દર વર્ષે ગિરનારની લીલી પરીક્રમા યોજાય છે. સેવા અને પુણ્યનું ભાથુ બાંધનારી લીલી પરીક્રમાનું આગવું મહત્વ રહેલું છે. દેવ દીવાળીનાં દિવસથી ગિરનારની ૩૬ કિમીની પરીક્રમાનો પ્રારંભ થાય છે. આ વર્ષે એક દિવસ વહેલી પરીક્રમા શરૂ થઈ હતી. જો કે દેવ દીવાળીનાં દિવસે મધ્યરાત્રીએ સંતોની ઉપસ્થિતિમાં વિધીવત રીતે પરીક્રમાનો પ્રારંભ થયો હતો. કારતક સુદ-૧૧ દેવ દીવાળીનાં દિવસે મધ્યરાત્રીએ વિધિવત શરૂ થયેલી લીલી પરીક્રમા આજે પૂર્ણ થવામાં છે. આજે પરીક્રમાનો છેલ્લો દિવસ છે. પરીક્રમાનાં પાંચ દિવસનાં મેળામાં લાખોની સંખ્યામાં આવેલા ભાવિકોએ પરીક્રમાનું પુનીત ભાથુ બાંધ્યું છે. ૩૬ કિમીની પરીક્રમામાં રાત્રીનાં વખતે પડાવ નાખી અને જંગલમાં મંગલ જેવું વાતાવરણ સર્જવામાં આવે છે. ભોજનથી પરવારી યાત્રાળુઓ ઈશ્વર ભજન કરી નિંદ્રાધીન થાય છે. ત્યારબાદ વહેલી સવારે ફરી યાત્રા શરૂ કરે છે. ગીરનારની લીલી પરીક્રમામાં આ વર્ષે યુવા વર્ગ વિશેષ જોવા મળ્યો હતો. પ્રકૃતિનાં ખોળે વિહરતા પદયાત્રીઓએ હોંશે હોંશે પરીક્રમા પૂર્ણ કરી છે. અને આવતાં વર્ષે ફરી પાછુ પરીક્રમામાં આવવાનું મન કરી લીધું છે. ગિરનાર ક્ષેત્રમાં યોજાતાં પરીક્રમામાં આવતાં લાખો શ્રધ્ધાળુઓની સુરક્ષા અને સલામતી તેમજ તેમને સુવિધા માટે તંત્ર દ્વારા અનેકવિધ પગલાઓ લેવામાં આવ્યા હતાં. ખાસ કરીને પરીક્રમાર્થીઓ માટે ભોજન અને પ્રસાદ માટેની સેવા અદભૂત રહી છે.

ભવનાથ ક્ષેત્રમાં આવેલા વિવિધ ધાર્મિક સ્થળોએ અન્નક્ષેત્રો શરૂ થયા હતાં. ઉપરાંત વર્ષો થયા ઉતારા મંડળ દ્વારા અન્નક્ષેત્રો ચલાવવામાં આવે છે. તેવા ઉતારા મંડળ દ્વારા પણ અન્નક્ષેત્ર કાર્યરત કરાયા હતાં.

આ ઉપરાંત સેવાકીય સંસ્થાઓ, મંડળો દ્વા પણ અન્નક્ષેત્રો શરૂ કરાયા હતાં. અંદાજીત ૧૫૦થી વધારે અન્નક્ષેત્રો કાર્યરત હતાં. જેમાં ગુંદી ગાઠીયા, લાડુ, બટેટાવડા, દાળ-ભાત, શાક સહિતનાં ભાવતા ભરપુર ભોજન પ્રસાદ પરીક્રમાર્થીઓને પ્રેમથી પીરસવામાં આવતા હતાં. લાખો શ્રધ્ધાળુઓએ ભોજન અને પ્રસાદનો લાભ લીધો હતો. અને અન્નક્ષેત્રની સેવાને બિરદાવી હતી. તેમજ અન્નક્ષેત્રોની અનન્ય સેવાને શબ્દોમાં વર્ણવી ન શકાય એટલે કે અદભૂત સેવા ગણાવી હતી. સેવાભાવીઓને કારણે ગિરનારની લીલી પરીક્રમાનો મેળો ભજન, ભોજન અને ભકિતનાં ત્રિવેણી સંગમ સમો બની રહયો હતો.

## લીલી પરિક્રમામાં એક જ નંબરની બે ખાનગી બસ યાત્રાળુઓનું પરિવહન કરતી ઝડપાઈ : રૂા.૮ લાખનો દંડ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ નજીક ગરવા ગિરનારની લીલી પરિક્રમા દરમ્યાન એક નંબર ધરાવતી બે લકઝરી બસો યાત્રાળુઓનું પરિવહન કરતી હોવાનું જૂનાગઢ આરટીઓના ધ્યાને તેઓએ ટ્રાફિક શાખાની મદદ લઈને બંને લકઝરી બસોને ઝડપી પાડી છે અને ટેક્ષ ચોરી માટેનું મસમોટું કૌભાંડ ખુલ્લું કરીને આઠ લાખનો દંડ ફટકાર્યો છે. લીલી પરિક્રમામાં આવતા યાત્રાળુઓની હેરફેર માટે જીજે-૧૧-ઝેડ-૦૬૬૩ નંબરની બે લકઝરી બસો જૂનાગઢમાં ફરતી હોવાની બાતમી આરટીઓ અધિકારી એ.પી. પંચાલને મળતા તેઓએ તેમની ટીમને દોડાવી હતી અને આ બસને પકડી પાડવા આરટીઓ દ્વારા ટ્રાફિક શાખાના પીઆઈ વત્સલ સાવજની મદદ અને સંકલનમાં રહીને પીછો કરીને બંને બસોને ઝડપી લીધી હતી. એક બસને મજેવડી ગેઈટ પાસેથી જયારે બીજી બસને એસટી બસ સ્ટેન્ડ પાસેથી પકડી પાડીને આરટીઓ કચેરી ખાતે સીઝ કરી દેવામાં આવી હતી. આ અંગે આરટીઓ અધિકારીએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં એક જ નંબરની જે બંને લકઝરી બસ ચાલતી હતી. તેમાં મોટું ટેક્ષ ચોરી કરવાનું કૌભાંડ ચાલી રહ્યું હતું. જેને લઈને આરટીઓ દ્વારા બસના સંચાલકોને આઠ લાખનો દંડ ફટકાર્યો છે. બસના ચેસીસ નંબર વગરની બસના ડ્રાઈવર કલ્પેશ બાબુલાલના જણાવ્યા અનુસાર તે બસનું રજીસ્ટ્રેશન વર્ષ ૨૦૨૩માં આરટીઓ રાજકોટ દ્વારા રદ કરવામાં આવ્યું હતું. જયારે બીજી બસના ડ્રાઈવર જમાલભાઈ હતા જેથી જૂનાગઢ આરટીઓ દ્વારા આ બસને આરટીઓ કચેરી ખાતે ડીટેઈન કરીને આઠ લાખથી વધારે રકમનો દંડ ફટકારી કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

## પરિક્રમાર્થીઓને મદદરૂપ થવા પોલીસનું સંઘન પેટ્રોલિંગ




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૫ : ગિરનાર ક્ષેત્રની ૩૬ કિલોમીટરની લીલી પરિક્રમા આખરી પડાવ ઉપર પહોંચી ગઈ છે ત્યારે યાત્રાળુઓની સલામતી માટે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવેલ છે. આ ઉપરાંત આખરી તબક્કામાં જીણાબાવાની મઢી તેમજ બોરદેવી રૂટ ઉપર એકલદોકલ જતા યાત્રિકોને મદદરૂપ થવા તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેની તકેદારીના ભાગરૂપે મોટરસાઈકલ પેટ્રોલિંગ કરવામાં આવી રહેલ છે.

## લીલી પરિક્રમા દરમ્યાન વધુ ચાર મોબાઈલની ચોરી

જૂનાગઢ તા.૧૫

ગરવા ગિરનારની લીલી પરિક્રમા દરમ્યાન ભીડનો લાભ લઈ તસ્કરોએ હાથ અજમાવતા ચારેક મોબાઈલોની ચોરી થયાની ફરીયાદ ભવનાથ પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર ભવનાથ જીલ્લા પંચાયત ગ્રાઉન્ડમાંથી નિતેષભાઈ બાબુભાઈ બાવળીયાનો આઈકયુ કંપનીનો ઝેડ૯એસ મોબાઈલ કિ.રૂા.૧૫૦૦૦ની ચોરી કોઈ અજાણ્યો શખ્સકરી ગયેલ જયારે બોરદેવી ત્રણ રસ્તા નજીકથી વંદનકુમાર દામોદરભાઈ ભાખરનો સેમસંગ કંપનીનો ગેલેક્ષી એફ-૨૩ મોબાઈલ કિ.રૂા.૫ હજાર, બીપીનકુમાર પાંચાભાઈ ઠુમરનો સેમસંગ કંપનીનો ગેલેક્ષી એમ-૩૪ મોબાઈલ કિ.રૂા.૧૦ હજાર અને ભરતકુમાર નાનાલાલ સોજીત્રાનો મોટોરોલા કંપનીનો જી-૫૪ મોબાઈલ કિ.રૂા.૧૦ હજારની ચોરી થયાની ફરીયાદ ભવનાથ પોલીસ મથકે નોંધાતા ભવનાથ પોલીસે અજાણ્યા ચોર શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં બ્લડ કોમ્પોનેન્ટની સુવિધા શરૂ કરાઈ



જૂનાગઢ તા.૧૫

જુનાગઢ સિવિલ હોસ્પિટલની બ્લડ બેન્ક માં સુવિધામાં વધારો કરાયો છે. ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા ન્યૂ દિલ્હી દ્વારા લાયસન્સ મળતા બ્લડ કોમ્પોનેટની સુવિધા શરૂ કરાઈ છે. જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા દ્વારા તેનું ઉદ્ઘાટન કરવામાં આવેલ હતું. આ સુવિધા શરૂ થવાથી બ્લડના અલગ અલગ ઘટકો જેવા કે રેડ બ્લડ સેલ્સ, પ્લાઝમા, પ્લેટલેટ્સનું સેપરેશન થઈ શકશે તથા તેનાથી એનીમિયા ગ્રસ્ત સગર્ભા માતાઓ તથા બહેનોને તથા થેલેસેમિયા વાળા બાળકોને રેડ સેલ કોન્સન્ટ્રેટ તથા ઈન્ટેન્સિવ કેર યુનિટમાં ના ગંભીર દર્દીઓ કે જેમને ફ્રેશ ફ્રોઝન પ્લાઝમાની જરૂર પડે છે તે તાત્કાલિક પૂરું પાડી શકાશે. જુનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લાના દર્દીઓને આ સુવિધા નો લાભ મળશે.

આ કાર્યક્રમમાં મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો. કૃતાર્થ બ્રહ્મભટ્ટ, એડિશનલ મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો.દિગંત સિકોત્રા, બ્લડ સેન્ટર ઈન્ચાર્જ ડો. ભાવિન પઢારીયા, મેડિસિન વિભાગના પ્રાધ્યાપક ડોક્ટર ભાવેશ સુરેજા, પેથોલોજી વિભાગના વડા ડો. નયનાબેન લકુમ તથા અન્ય ફેકલ્ટી ઉપસ્થિત રહ્યા હતા. મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.કૃતાર્થ બ્રહ્મભટ્ટ અને એડિશ્નલ મેડીકલ સુપ્રિટેન્ડેન્ટ ડો.દિગંત સિકોત્રાના નેતૃત્વ હેઠળ જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. દર્દીઓની તમામ સારવાર સિવિલ હોસ્પિટલમાં જ મળી રહે તેવા પ્રયત્નો સતત થાય છે.

## જૂનાગઢ મનપા દ્વારા બાકી લ્હેણી રકમ વાળી વધુ ૧૧ મિલ્કતોને સીલ કરાઈ : ૧ મિલ્કત ટાંચમાં લેવાઈ

### રીકવરી ઝુંબેશ અભિયાન અંતર્ગત રૂા.૧.૭૩ લાખની વસુલાત કરાઈ

જૂનાગઢ તા.૧૫

જૂનાગઢ મહાનગર પાલીકાના કમિશ્નર ડો.ઓમપ્રકાશની સુચના અનુસાર ઘણા લાંબા સમયથી બાકી લેણી રકમવાળી ૧૧ મિલ્કતોને સીલ કરવામાં આવી છે. તેમજ ૧ મિલ્કતને ટાંચમાં લીધી છે. અને રૂા.૧.૭૩ લાખની વસુલાત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. મનપાની અખબાર યાદી જણાવે છે કે, જૂનાગઢ મહાનગરપાલીકા હદ વિસ્તારમાં મિલ્કત ધરાવતા આસામીઓ દ્વારા પોતાની મિલ્કતની લાંબા સમયથી બાકી રહેલી રકમ ભરપાઈ નહીં કરાતા ઘરવેરા શાખા દ્વારા મિલ્કતોને સીલ કરવાની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં હેઠાણ ફળીયા તેમજ માઢ સ્ટ્રીટમાં મળી કુલ ૧૧ મિલ્કતોને સીલ કરવામાં આવી છે. આ કામગીરી નાયબ કમિશ્નર એ.એસ. ઝાપડાના માર્ગદર્શન હેઠળ આસી. કમિશ્નર કલ્પેશ ટોલીયા તથા હાઉસટેકસ સુપ્રિ. વીરલ જોષી દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

## રાજકોટ જીવનનગરની ભાગવત સપ્તાહ પ્રેરણાનો સ્તોત્ર-ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન



રાજકોટ તા.૧૫:

જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, શિવશક્તિ ધૂન મંડળ, મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે જીવનનગર ચોકમાં શ્રીમદ ભાગવત સપ્તાહનો અનેરો પ્રારંભ સાથે માનવ મહેરામણ ઉમટી પડી હતી. સપ્તાહમાં વામન ભગવાન, રામ ભગવાન અને કૃષ્ણ ભગવાનના ગુણાનુવાદ સાથે લોકોએ ઉત્સવ મનાવ્યો હતો. જીવનનગર સમિતિ અનેકવિધ કાર્યો કરે છે તેમાં ભાગવત સપ્તાહના ઉમેરાથી ચાર ચાંદ લાગી ગયા છે.

સમિતિના પ્રમુખ એડવોકેટ જયંત પંડયાએ શિવશક્તિ ધૂન મંડળનો પરિચય આપી સપ્તાહ દરમ્યાન વિવિધ પ્રાગ્ટયમાં લોકો સ્વયંભુ જોડાઈને ભેટ સોગાદો જરૂરીયાતમંદને આપવાના નિર્ણયને વધાવી સૌ એ માનવ ધર્મ અપનાવી રાષ્ટ્ર માટે કામ કરવું જોઈએ તેવો મત વ્યકત કર્યો હતો.

ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહે સપ્તાહમાં દિપ પ્રાગ્ટય કરી સરકારનો અભિગમ ધર્મને જોડીને ઉત્તમ નાગરીક બને તેવા કર્તવ્યોને પ્રાધાન્ય આપી સુરૂચિ સમાજ વ્યવસ્થા થાય તેવા અભિગમ સાથે આપણે સૌ આગળ વધીએ તેવી વાત મુકી હતી. ભાગવત સપ્તાહ, ભગવદ ગીતા, દેવી ભાગવત, રામ કથા સમાજ વ્યવસ્થા માટે ઉત્તમ સાબિત થઈ છે. શિવશકિત ધૂન મંડળને વિશેષ અભિનંદન આપી તમામ બહેનોનું સન્માન કર્યું હતું. ધૂન મંડળના રેખાબેન વાઢેર, કુસુમબેન ચૌહાણ, જયશ્રીબેન મોડેસરા, પ્રફુલ્લાબેન બોરીચા, દક્ષાબેન મહેતા, પ્રવિણાબેન ગોંડલીયા, હર્ષાબેન પંડયા, દિપ્તીબેન પટેલ, જયશ્રીબેન વ્યાસ, ભદ્રાબેન ગોહેલ, જયાબેન સોલંકી, જયોત્સનાબેન જીવરાજાની, ધારાબેન ભીંડે, પ્રફુલ્લાબેન જોષી વગેરેએ કૃષ્ણ જન્મોત્સવમાં પરિવાર સાથે ઉત્સવ મનાવ્યો હતો. ભગવાનને ધરાયેલી ભેટ સ્થળ ઉપર જ વિતરણ કરવામાં આવી હતી. સપ્તાહમાં પૂજાબેન વાઢેર, વીણાબેન ચૌહાણ, ચેતનાબેન મોડેસરા, ખ્યાતિબેન ચૌહાણ, જલ્પાબેન બોરીચા, યોગિતાબેન ગોહેલ, દિપાલીબેન ગોંડલીયા, આરતીબેન વાઢેર, મિતલબેન પાઠક, હિનાબેન ચૌહાણ, સોનલબેન મોડેસરા, હિનાબેન પંડયા વિગેરેએ ભાગ લીધો હતો. ભાગવત કથાકાર શાસ્ત્રીજી ભાનુશંકરભાઈ મહેતાએ સપ્તાહમાં વામન ભગવાન, રામ ભગવાન અને કૃષ્ણ ભગવાનના કાર્યોને લોકો વચ્ચે મુકી આપણે સૌ સાથે મળીને સંસ્કૃતિની રક્ષા કરી, માનવ ઉત્થાનના કાર્યમાં જોડાવવા પોતાનો વિચાર રજૂ કર્યો હતો. જયંતભાઈ પંડયા વાસ્તવમાં માનવ ધર્મ અને રાષ્ટ્ર ધર્મના પ્રણેતા છે તેમના રૂબરૂ પરિચયથી ખ્યાલ આવ્યો છે. કથામાં શાસ્ત્રોક્ત વિધિ પ્રતિકભાઈ જોષી, દર્શનભાઈ મહેતા, સંગીતમાં નીશીલભાઈ ગોંડલીયા, અનવરભાઈ ભદ્રા, મોહિતભાઈ, વિમલભાઈ સહયોગ આપી રહ્યા છે. સમિતિના હસુભાઈ મોડેસરા, કનુભાઈ વાઢેર, અંકલેશ ગોહિલ, પ્રશાંત વાઢેર, મિતેશ ચૌહાણ, પ્રકાશ મનસુખભાઈ, રોમિતભાઈ રાજદેવ સહિત કાર્યકરો સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

## વિસાવદર તાલુકાના માંગનાથ પીપળી ગામની યુવતીએ ઝેરી દવા પી લેતા રાજકોટ સારવાર દરમ્યાન મૃત્યું


જૂનાગઢ તા.૧૫:

વિસાવદર તાલુકાના માંગનાથ પીપળીગામમાં રહેતી યુવતીએ ઉંદર મારવાની દવા પી લેતા તેનું રાજકોટની ખાનગી હોસ્પિટલમાં મોત નિપજયું હતું.

મળતી વિગત મુજબ માગનાથ પીપળી ગામમાં રહેતી સ્નેહા બાબુભાઈ રતનપરા (ઉ.વ. ૨૭) એ મોડી રાત્રે ઉંદર મારવાની દવાપી લેતા તેને સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા બાદ તેનું સારવાર દરમ્યાન મોત નિપજયુ હતું આ બનાવ અંગેની જાણ થતા માલવીયાનગર પોલીસ મથકના હેડકોન્સ કે.જી. ઝાલા તથા રાઈટર રાહુલભાઈએ પ્રાથમીક કાગળો કરી જૂનાગઢ મોકલવા તજવીજ હાથધરી છે.


નવા વર્ષની
હાર્દિક શુભેચ્છા....
ડો. સંજય જી. કુબાવત

(એમ.ડી. મેડીસીન)
યશ બિલ્ડીંગ, ૨ જો માળ,
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી,
એસ.ટી. રોડ, જૂનાગઢ
ફોન : (હો) ૨૬૩૬૬૩૦,
મો. ૯૮૨૫૯ ૫૦૧૨૫

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા +
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન


ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે,
જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો
સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ
લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ
કહેશો કે વાહ..ભાઈ વાહ..
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે,
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

આવો,
સ્વાતંત્ર્ય સંગ્રામના જનનાયક
# બિરસા મુંડાજીના ૧૫૦મા જન્મજયંતી વર્ષને ઉજવીએ





# જનજાતિય ગૌરવ દિવસ

## આદિજાતિ વિકાસમાં અગ્રેસર ગુજરાત

**પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન (PM-JANMAN) અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA JGUA) અંતર્ગત**

માનનીય વડાપ્રધાન
## શ્રી નરેન્દ્રભાઈ મોદી

દેશના ૩૧ રાજ્ય-કેન્દ્રશાસિત પ્રદેશના ૧૦૦ જિલ્લાઓ સાથે વર્ચ્યુઅલી જોડાશે
અને લાભાર્થીઓ સાથે કરશે સીધો સંવાદ

માનનીય રાજ્યપાલશ્રી
**આચાર્ય દેવવ્રતજી**ની
અધ્યક્ષતામાં
**તારીખઃ** ૧૫/૧૧/૨૦૨૪, **સમયઃ** સવારે ૧૦ વાગે,
**સ્થળઃ** સ્વામિનારાયણ મંદિર, નેત્રંગ-ઝંખવાવ રોડ, તાલુકોઃ નેત્રંગ, જિલ્લોઃ ભરૂચ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે
**તથા**

**રાજ્યકક્ષાનો કાર્યક્રમ**

માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
ગરિમામયી ઉપસ્થિતિમાં
**તારીખઃ** ૧૫/૧૧/૨૦૨૪, **સમયઃ** સવારે ૧૦ વાગે,
**સ્થળઃ** પોલીસ પરેડ ગ્રાઉન્ડ, તાલુકોઃ આહવા, જિલ્લોઃ ડાંગ ખાતે યોજાશે

**ભારત સરકારના આ કાર્યક્રમનું રાજ્યકક્ષા ઉપરાંત અન્ય ૧૦ જિલ્લાઓ (વલસાડ, નવસારી, તાપી, સુરત, ભરૂચ, નર્મદા, સાબરકાંઠા, અમદાવાદ, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ)ના ૧૦ સ્થળો ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવશે**

### અતિથિ વિશેષ

**ડૉ.કુબેરભાઈ ડીંડોર**
માન. મંત્રી, આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ગુજરાત સરકાર

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
માન. રાજ્યકક્ષાના મંત્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત સરકાર અને પ્રભારી મંત્રી, ડાંગ જિલ્લો

**શ્રી ધવલભાઈ પટેલ**
માન. દંડક, લોકસભા અને સંસદસભ્ય, વલસાડ-ડાંગ

**શ્રી વિજયભાઈ પટેલ**
માન. નાયબ મુખ્ય દંડક, ગુજરાત વિધાનસભા અને ધારાસભ્ય, ડાંગ

**ગુજરાતમાં જનજાતિય સશક્તિકરણ થકી વિકસિત ભારતના નિર્માણને મળશે વેગ**